dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 159 | AD - 2026, Fagan Vad - 13 | Tuesday, Dt. 17-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### અચાનક શોર્ટ સર્કિટને કારણે તણખા ઝર્યા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

## ઓડિશાની કટક મેડિકલ કોલેજમાં ભીષણ આગ : ૧૦ દર્દીઓ જીવતા ભૂંજાયા

**હોસ્પિટલના ૧૧ કર્મચારીઓ પણ દાઝ્યા, મુખ્યમંત્રી હોસ્પિટલ પહોંચ્યા**

ભુવનેશ્વર,તા.૧૬

ઓડિશાના કટક શહેરમાં સ્થિત પ્રતિષ્ઠિત SCB મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. હોસ્પિટલના ટ્રોમા કેર યુનિટના આઈસીયુ વોર્ડમાં લાગેલી ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૧૦ દર્દીઓના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે બચાવ કામગીરી દરમિયાન હોસ્પિટલના ૧૧ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાએ હોસ્પિટલોની સુરક્ષા અને અગ્નિશામક સુવિધાઓ સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત મોડી રાત્રે અંદાજે ૨:૩૦ થી ૩:૦૦ વાગ્યાની વચ્ચે સર્જાયો હતો. જે સમયે દર્દીઓ ગાઢ નિદ્રામાં હતા અને આઈસીયુમાં ગંભીર હાલતમાં રહેલા દર્દીઓની સારવાર માટે મશીનો કાર્યરત હતા, ત્યારે અચાનક શોર્ટ સર્કિટને કારણે તણખા ઝર્યા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. ટ્રોમા કેર વિભાગ હોવાને કારણે અહીં મોટાભાગના દર્દીઓ લાઈફ સપોર્ટ પર હતા, જેના કારણે તેમને તાત્કાલિક ખસેડવા અત્યંત મુશ્કેલ બન્યું હતું.



આગ લાગતાની સાથે જ આખા વોર્ડમાં કાળો અને ઘટ્ટ ધુમાડો ફેલાઈ ગયો હતો. ધુમાડાને કારણે અનેક દર્દીઓનું ગૂંગળામણથી મોત થયું હોવાની આશંકા છે. ફાયર બ્રિગેડની ટીમોને જાણ કરાતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

દુર્ઘટના સમયે હોસ્પિટલના સ્ટાફે પોતાની જાનની પરવા કર્યા વગર દર્દીઓને બચાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આ બચાવ કામગીરીમાં ૧૧ કર્મચારીઓ દાઝી ગયા હતા અથવા ધુમાડાની અસરને કારણે ઘાયલ થયા હતા. કુલ ૨૩ દર્દીઓને સ્ટ્રેચર અને વ્હીલચેરની મદદથી યુધ્ધના ધોરણે અન્ય વોર્ડમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં હોસ્પિટલના સિક્યુરિટી ગાર્ડ્સ, નર્સિંગ સ્ટાફ અને ત્યાં હાજર દર્દીઓના સંબંધીઓએ પણ મદદ કરી હતી. દુર્ઘટનાના સમાચાર મળતા જ ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને આરોગ્ય મંત્રી મુકેશ મહાલિંગ વહેલી સવારે હોસ્પિટલ પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ પીડિતોની મુલાકાત લીધી અને ડોક્ટરોને ઘાયલ સ્ટાફ અને બચેલા દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવાના કડક આદેશ આપ્યા. મુખ્યમંત્રીએ મીડિયા સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી કે સ્થળાંતર દરમિયાન ૭ દર્દીઓ અને ત્યારબાદ સારવાર દરમિયાન વધુ ૩ દર્દીઓના મોત થયા છે. સરકારે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓના વારસદારો માટે ૨૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી છે જે આગ લાગવાનું ચોક્કસ કારણ અને હોસ્પિટલની ફાયર સેફ્ટીમાં રહેલી ખામીઓનો અહેવાલ સોંપશે.

## દેશમાં જથ્થાબંધ ફુગાવો વધીને ૨.૧૩% થયો, સતત ચોથા મહિને નોંધાયો ઉછાળો

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬ના સત્તાવાર ડેટા અનુસાર, જથ્થાબંધ ફુગાવો વધીને ૨.૧૩% પર પહોંચ્યો છે, જે જાન્યુઆરીમાં ૧.૮૧% હતો. આ વધારો મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, કઠોળ, બટાકા અને બિન-ખાદ્ય વસ્તુઓના ભાવમાં થયેલા વધારાને આભારી છે. જોકે, સામાન્ય જનતા માટે રાહતના સમાચાર એ છે કે



શાકભાજીના ફુગાવાના દરમાં ઘટાડો થયો છે, જે જાન્યુઆરીના ૬.૭૮% થી ઘટીને ૪.૭૩% પર આવી ગયો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના અહેવાલ મુજબ, ફેબ્રુઆરીમાં ખાદ્ય ચીજવસ્તુઓનો ફુગાવાનો દર ૨.૧૯% નોંધાયો હતો. ઉત્પાદિત ઉત્પાદનોમાં પણ નજીવો વધારો જોવા મળ્યો છે. બીજી તરફ, ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) પર આધારિત છૂટક ફુગાવો પણ ફેબ્રુઆરીમાં વધીને ૩.૨% થયો છે. મોંઘવારીના આ મિશ્ર

**વધતા ફુગાવાને જોતા આગામી નાણાકીય નીતિ વધુ કડક બને તેવી શક્યતા**

આંકડાઓ વચ્ચે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) નીતિગત દરો પર ચાંપતી નજર રાખી રહી છે. ઉલ્લેખનીય છે કે, RBI એ અગાઉ વ્યાજ દરોમાં ૧.૨૫% નો ઘટાડો કર્યો હતો, પરંતુ હવે વધતા ફુગાવાને જોતા આગામી નાણાકીય નીતિ વધુ કડક બને તેવી શક્યતા છે.

## ભારતમાં અબજાપતિઓની સંખ્યામાં વધારો નોંધાયો, ૨૪ નવા ધનિકો સાથે મુંબઈ વિશ્વમાં ત્રીજા ક્રમે

નવી દિલ્હી,તા.૧૬

ફોર્બ્સ દ્વારા જાહેર કરવામાં આવેલી 'વર્લ્ડ બિલિયોનેર્સ ૨૦૨૬'ની નવીનતમ યાદી અનુસાર, ભારતમાં અબજાપતિઓની સંખ્યામાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા એક વર્ષમાં દેશમાં ૨૪ નવા અબજાપતિઓનો ઉમેરો થયો છે, જેનાથી કુલ સંખ્યા ૨૦૫ થી વધીને ૨૨૯ પર પહોંચી ગઈ છે. ભારતીય અબજાપતિઓની કુલ સંપત્તિ પણ હવે ૧ ટ્રિલિયન ડોલરના



આંકડાને વટાવી ગઈ છે, જે ગત વર્ષે ૯૪૧ અબજ ડોલર હતી.

યાદી મુજબ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ૯૯.૭ અબજ ડોલરની નેટવર્થ સાથે ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તરીકે અકબંધ છે. ગૌતમ અદાણી ૬૩.૮ અબજ ડોલર સાથે બીજા ક્રમે છે. મહિલાઓની વાત કરીએ તો, સાવિત્રી જિંદાલ ૩૯.૧ અબજ ડોલર સાથે ભારતના સૌથી ધનિક મહિલા અને દેશના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે.

આ વૃદ્ધિ પાછળ શેરબજારમાં નવી કંપનીઓનું લિસ્ટિંગ (IPO) એક મુખ્ય કારણ માનવામાં આવે છે. જોકે, ફોર્બ્સ ઈન્ડિયાના ડેટા મુજબ ટોચના ૧૦૦ ધનિકોની નેટવર્થમાં ૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. મુંબઈ હવે વિશ્વમાં સૌથી વધુ અબજાપતિઓ ધરાવતા શહેરોમાં ત્રીજા ક્રમે પહોંચ્યું છે, જે ભારતની વધતી જતી આર્થિક તાકાતનું સૂચક છે.

### અમેરિકાએ ઈરાની નૌકાદળની ૧૦થી વધુ બોટ નષ્ટ કરવાનો દાવો કર્યો

## અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સંઘર્ષ વધ્યો, ખાડી દેશો પર જોખમ

વોશિંગટન,તા.૧૬

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શરૂ થયેલું યુધ્ધ હવે તેના ૧૭મા દિવસમાં પ્રવેશી ગયું છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ શરૂ થયેલા આ સંઘર્ષમાં અત્યાર સુધી કોઈ વિરામની શક્યતા દેખાઈ રહી નથી. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાનની અંદર સતત હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે, જેના જવાબમાં ઈરાન ડ્રોન અને મિસાઈલ દ્વારા પલટવાર કરી રહ્યું



છે. અમેરિકાએ ઈરાની નૌકાદળની ૧૦થી વધુ બોટ નષ્ટ કરવાનો દાવો કર્યો છે, જ્યારે ઈઝરાયલી વાયુસેનાએ તેહરાનના મેહરાબાદ એરપોર્ટ પર હુમલો કરી પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીના વિમાનને તોડી પાડ્યું છે.

ઈરાને આ હુમલાઓના જવાબમાં યુએઈ, દુબઈ, કતાર, કુવૈત અને સાઉદી અરેબિયા જેવા દેશો પર સેંકડો ડ્રોન અને મિસાઈલો છોડી છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ઈંધણની ટાંકી પર ડ્રોન હુમલાને કારણે લાગેલી આગને પગલે વિમાન સેવાઓ અસ્થાયી ધોરણે સ્થગિત કરવી પડી છે. અબુ ધાબીના અલ બહ્યાન વિસ્તારમાં મિસાઈલ હુમલામાં એક પેલેસ્ટિનિયન નાગરિકનું મોત થયું હોવાના અહેવાલ છે. ઈરાનના મરકાઝી પ્રાંતમાં થયેલા હુમલાઓમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે, જેમાં ૫ લોકોના મોત થયા છે. ઈઝરાયલી સેનાની ૯૧મી બ્રિગેડે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના માળખાને નષ્ટ કરવા માટે ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કર્યું છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ઈરાની રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે વાતચીત કરી હુમલાઓ તાત્કાલિક બંધ કરવા વિનંતી કરી છે. જાપાનના વડાપ્રધાન સના તાકાઈચીએ હોર્મુઝ સ્ટ્રેટમાં તેલ ટેન્કરો માટે નૌકાદળ મોકલવા અંગે હજુ કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. ઈઝરાયલી મંત્રી મિકી ઝોહરે ચેતવણી આપી છે કે આ યુધ્ધ હજુ ઘણા અઠવાડિયા સુધી ચાલી શકે છે, તેથી ઈઝરાયલી નાગરિકોએ તૈયાર રહેવું જોઈએ.

## RSSનું નવું સંગઠનાત્મક માળખું : યુપી અને ઉત્તરાખંડ માટે મોટા ફેરફારોની સંભાવના

લખનૌ,તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) એ તેના શતાબ્દી વર્ષ નિમિત્તે સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારોની બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આ નવી યોજના હેઠળ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને મર્જ કરીને એક 'ઉત્તરીય ક્ષેત્ર' બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ ફેરફારો આગામી વર્ષે માર્ચમાં વિધાનસભા ચૂંટણી બાદ અમલી બનશે.



નવી વ્યવસ્થા મુજબ, દેશને ૯ પ્રદેશો અને ૮૫ વિભાગોમાં વહેંચવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં મુખ્ય ૧૦ વિભાગો (જેમ કે લખનૌ, અયોધ્યા, કાશી વગેરે) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. શતાબ્દી વર્ષને કારણે હાલ નવી નિમણૂકો ટાળવામાં આવી છે, પરંતુ હરીશ રૌતેલા અને મનોજ મિશ્રા જેવા પદાધિકારીઓને મહત્વની જવાબદારીઓ સોંપાય તેવી શક્યતા છે. આ ફેરફારનો મુખ્ય હેતુ સંઘના કાર્યનું પ્રાદેશિક સ્તરે વધુ અસરકારક સંકલન અને વિસ્તરણ કરવાનો છે.










સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

મંગળવાર, તા.૧૭-૦૩-૨૦૨૬

**અદ્યતન માર્કેટ યાર્ડમાં શેડનું લોકાર્પણ સહિત જનસેવાના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાશે**

# મુખ્યમંત્રી-પ્રદેશ ભાજપ પ્રમુખ ૨૨ માર્ચના રોજ અમરેલીની મુલાકાતે, જિલ્લા ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ

અમરેલી,તા.૧૬

આગામી તા. ૨૨ માર્ચ-રવિવારે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભારતીય જનતા પાર્ટીનાં પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા પ્રદેશ અધ્યક્ષ બન્યાં બાદ પ્રથમ વખત અમરેલી આવી રહ્યાં હોય, જિલ્લા ભાજપનાં મુખ્ય આગેવાનોની એક અગત્યની બેઠક હોટલ એન્જલ લોર્ડઝ ખાતે રાખવામાં આવી હતી.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના પ્રમુખ સ્થાને યોજાયેલ આ બેઠકમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લા ભાજપનાં સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી.કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, સહકારી અગ્રણી પી. પી. સોજીત્રા, ડૉ. ભરતભાઈ કાનાબાર સહિતે માર્ગદર્શન આપેલ. રાજ્યનાં નમૂનેદાર અદ્યતન માર્કેટ યાર્ડમાં શેડનું લોકાર્પણ અને વર્ષોથી અધુરા



રહેલાં બાયપાસ રોડને પુર્ણ કરવાનાં ખાતમુહૂર્ત સહિત જનસેવાના વિવિધ કાર્યો માટે અમરેલીમાં મુખ્યમંત્રી, પ્રદેશ અધ્યક્ષ, કેબિનેટ કૃષિમંત્રી અને અમરેલી જિલ્લાનાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીને આવકારવા જિલ્લા ભાજપ દ્વારા આયોજન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, પૂર્વ પ્રમુખ પ્રાગજીભાઈ હિરપરા, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, મહિલા મોરચાનાં ભાવનાબેન ગોંડલિયા, શૈલેષભાઈ સંઘાણી સહિત જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, પ્રદેશના પૂર્વ હોદ્દેદારો, મોરચાનાં પ્રમુખ - મહામંત્રીઓ, જિલ્લા પંચાયતનાં સદસ્યો, જિલ્લાનાં વિવિધ મંડળોનાં પ્રમુખ-મહામંત્રીઓ, સહકારી અગ્રણીઓ, અમરેલી નગરપાલિકાનાં સદસ્યો સહિત સિનિયર આગેવાનોની ઉપસ્થિતમાં રહ્યા હતા. આ બેઠકમાં સ્વાગત પ્રવચન મહામંત્રી રાજુભાઈ ભુતૈયાએ તથા આભાર વિધિ મહામંત્રી મયુરભાઈ માંજરિયા દ્વારા કરવામાં આવી હતી, કાર્યક્રમનું સંચાલન દિવ્યેશ વેકરિયાએ કર્યુ હતું તેમ મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

# કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે ગંગાજળ રથયાત્રાનું ભવ્ય આગમન થતા સામૈયુ કરાયુ

કુંકાવાવ,તા.૧૬

કુંકાવાવ તાલુકાના જીથુડી ગામ ખાતે ગંગાજળ રથયાત્રાનું ભક્તિભાવપૂર્વક સ્વાગત અને સામૈયું કરવામાં આવ્યું હતું. વલારડી સ્થિત સમસ્ત વઘાસિયા પરિવારના સુરાપુરા પાતાદાદા તેમજ કુળદેવી શ્રી વેરાઈ માતાજીના પવિત્ર દિવ્યધામથી આ રથયાત્રાનું પ્રસ્થાન થયું છે. આ અલૌકિક ધામના નિમંત્રણ સાથે



નીકળેલી આ યાત્રા જ્યારે જીથુડી પહોંચી ત્યારે ગ્રામજનોમાં અનેરો આનંદ જોવા મળ્યો હતો. જીથુડી ગામના વઘાસિયા પરિવાર તેમજ અન્ય ભાવિક પરિવારો દ્વારા ગંગાજળ રથયાત્રાનું ઉમળકાભેર સામૈયું કરી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે દિવ્યધામ વલારડીથી શરૂ થયેલી આ ગંગાજળ યાત્રા કુલ ૫૯૨ ગામોમાં ભ્રમણ કરીને વઘાસિયા પરિવારના સભ્યોને આમંત્રિત કરી રહી છે. આ ધાર્મિક પ્રસંગે સમગ્ર ગામ ભક્તિમય બની ગયું હતું અને રથયાત્રાના દર્શનનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# લીલીયાના ગોઢાવદરમાં ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા તળાવ ઉંડુ ઉતારવાનો પ્રારંભ

લીલીયા, તા.૧૬

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે જળ સંચયના ક્ષેત્રે એક નવીન પ્રભાતનો ઉદય થયો છે. ગામમાં સંકટ મોચન હનુમાનજી મંદિર પાસે આવેલા તળાવને ઊંડું ઉતારવાના કાર્યનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ એકજુથ થઈ 'ગ્રામ વિકાસ



ટ્રસ્ટ'ની રચના કરી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગામના વિકાસ કાર્યોમાં સક્રિય સહભાગી થઈ શ્રેષ્ઠ સુવિધાઓ ઊભી કરવાનો છે. આ કાર્યક્રમમાં ભીખાભાઈ ધોરાજીયા, જિગ્નેશભાઈ સાવજ, ગૌતમભાઈ વિછીયા, બાબુભાઈ ધામત, વિજયભાઈ ગજેરા, હિતેશ પરમાર, સુરેશભાઈ ગજેરા, ભરતભાઈ નારોલા, ધનસુખભાઈ નારોલા અને ગોકળબાપા સહિતના આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. 'ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં'ના મંત્રને સાર્થક કરતા આ પ્રોજેક્ટથી ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે. પરિણામે, સ્થાનિક ખેતીપાક, પશુપાલન અને પીવાના પાણીની સમસ્યામાં કાયમી રાહત મળશે, જે સમગ્ર પંથક માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# ગીરના નેસ વિસ્તારોમાં ૨૧૭ માલધારી પરિવારો અને શાળાઓને સોલાર કીટનું વિતરણ

અમરેલી,તા.૧૬

ગીર વિસ્તારમાં વસતા માલધારીઓને રાત્રે પ્રકાશ મળી રહે અને તેમની આજીવિકામાં પરિવર્તન આવે તેવા હેતુથી યુનાઈટેડ વે મુંબઈ અને મહિન્દ્રા હોલિડેસ એન્ડ રિસોર્ટ મુંબઈ દ્વારા વિશેષ સેવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત ગીરના કાસિયા નેસ, આવરણી નેસ, આવરણી નવી, દુધાળા નેસ, લીલા પાણી નેસ, સુલડી નેસ, કાઠીતડ નેસ,



બારવાણિયા નેસ, જાંબુઘોડા નેસ, રોહિગા નેસ અને દાઢીયા નેસ સહિતના વિવિધ નેહડાઓમાં વસતા માલધારીઓને ૨૧૭ સોલાર કીટ આપવામાં આવી છે.

આ સાથે જ પિયાવા, સોઢાપરા અને ચિખલ કુબા શાળામાં સોલાર પેનલ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં યુનાઈટેડ વે મુંબઈના સિનિયર મેનેજર મુકેશ દેવ દ્વારા માલધારીઓને સોલર લાઈટ અને પુનઃપ્રાપ્ય ઉર્જાના ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આસિસ્ટન્ટ મેનેજર પ્રિયા કાલેએ યુનાઈટેડ વે એન.જી.ઓ.ની સામાજિક કામગીરી વિશે માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, આ તમામ સોલાર કીટ મહિન્દ્રા હોલિડેસ એન્ડ રિસોર્ટ દ્વારા દાતા તરીકે પૂરી પાડવામાં આવી છે.

આ કાર્યક્રમમાં યુનાઈટેડ વે મુંબઈના અધિકારીઓ ઉપરાંત ભાણીયા ગ્રામ પંચાયતના સરપંચ ભમ્મર ભગત, આર. એફ.ઓ. વાળા, ફોરેસ્ટર પરમારભાઈ તેમજ પિયાવા, સોઢાપરા અને ચિખલ કુબા શાળાના આચાર્યો સહયોગી બન્યા હતા. આ સંયુક્ત પ્રયાસથી ગીરના અંતરિયાળ વિસ્તારોમાં વસતા પરિવારોના જીવનમાં ઉર્જાનો નવો સ્ત્રોત ઉમેરાયો છે.

# જાફરાબાદની અલ્ટ્રાટેક કંપની દ્વારા પાંચ શાળાઓમાં આરોગ્ય કેમ્પ

જાફરાબાદ,તા.૧૬

જાફરાબાદની અલ્ટ્રાટેક કંપની દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે બાબરકોટ, વઢેરા, રોહીશા, બલાણા અને મિતીયાળાની શાળાઓમાં વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં કુલ ૭૨૪ વિદ્યાર્થીઓની તપાસ કરી મફત દવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. યુનિટ હેડ રાજેશજીના માર્ગદર્શન



તસવીર : બાબુ વાઢેળ

હેઠળ ડૉક્ટરો અને CSR ટીમ દ્વારા બાળકોને સ્વચ્છતા તથા પોષક આહાર અંગે સમજ અપાઈ હતી. શાળામાં ભણતા વિદ્યાર્થીઓની નબળી તબિયતને કારણે અભ્યાસમાં ખલેલ ન પડે અને વાલીઓને આર્થિક ભાર ન વેઠવો પડે તેવા ઉમદા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

# જાફરાબાદ નજીક તપસ્વી આશ્રમ ખાતે શિવોત્સવ ઉજવાયો

**ભગવાન શિવની જાન વાજતે-ગાજતે આવી પહોંચતા વાતાવરણ શિવમય બન્યુ**

જાફરાબાદ,તા.૧૬

જાફરાબાદ નજીક આવેલી પવિત્ર તપોવન ટેકરી સ્થિત તપસ્વી આશ્રમ ખાતે હાલમાં શિવ કથાનું ભવ્ય આયોજન ચાલી રહ્યું છે. આ કથાના પાંચમા દિવસે શિવ વિવાહનો ઉત્સવ અત્યંત ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં



તસવીર : બાબુભાઈ વાઢેળ

આવ્યો હતો. આ મંગલ પ્રસંગે ભગવાન શિવની જાન વાજતે-ગાજતે કથા મંડપમાં આવી પહોંચી ત્યારે સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. ઢોલ-નગારાના તાલે ભક્તોએ ભારે ઉત્સાહ સાથે નૃત્ય કર્યું હતું અને મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓએ કથાનું ભાવપૂર્વક રસપાન કર્યું હતું. પ્રખર વક્તા નીલકંઠભાઈ વડિયા શિવ કથાના વિવિધ પ્રસંગોનું સુંદર વર્ણન કરી રહ્યા છે. જાફરાબાદના લોકો માટે આસ્થાનું કેન્દ્ર બનેલા આ આશ્રમમાં પરમ પૂજ્ય તપસ્વી બાપુ શ્રી રાઘવદાસજી મહારાજની પ્રેરણાથી પ્રતિવર્ષ અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. તપોવન ટેકરી ગરીબ ટ્રસ્ટ મંડળ દ્વારા તમામ સેવાકીય વ્યવસ્થાઓ ઉત્કૃષ્ટ રીતે સંભાળવામાં આવે છે.

# લાઠી તાલુકાના ધામેલ, આંબરડી ગામે આજ રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

લાઠી,તા.૧૬

લાઠી તાલુકાના ધામેલ અને આંબરડી મુકામે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પ્રાથમિક શાળા ધામેલ ખાતે તા. ૧૭.૦૩.૨૦૨૬ના રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત શાખપુર, પાડરશીંગા, હાવતડ, ઈંગોરાળા, ધામેલ, હજીરાધાર, ભાલવાવ, રાભડા,ભટવદર સહિતના ગામના નાગરિકો સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ શકે છે. પ્રાથમિક શાળા આંબરડી મુકામે તા. ૨૦.૦૩.૨૦૨૬ના રોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત આંબરડી, નારણગઢ,નારાયણનગર, મેમદા, કાંચરડી, ઠાંસા, મુળીયાપાટ, સુવાગઢ, ધ્રુફણીયા, દહીંથરા, મેથળી વગેરે ગામના નાગરિકો લાભ મેળવી શકશે. સેવાસેતુ કાર્યક્રમના માધ્યમથી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓનો લાભ મળશે તેમ મામલતદાર લાઠીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા//-**

અરજી નં.50/2026
જન્મ તારીખ : 31/03/1958

રમેશચંદ્ર નરસીભાઈ જનસારી,
રહે.ગીરગઢડા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ગીરગઢડા, તા. ગીરગઢડા,
જિ. ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રમેશચંદ્ર નરસીભાઈ જનસારી, રહે.ગીરગઢડા, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના ભાણેજ રમેશભાઈ પ્રભુદાસભાઈ જેઠવાનો જન્મ તારીખ.31/03/1958ના રોજ ગીરગઢડા તાલુકાના ગીરગઢડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમા ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. /૦૩/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ **યમુના જવેલર્સ**
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

**અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.**

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

કુંકાવાવના જંગર ગામે રાજયમંત્રી જીતુભાઈ વાઘાણી અને કૌશિકભાઈ વેકરીયા સહિતનાઓની હાજરીમાં

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે વિવિધ કાર્યોનું લોકાપર્ણ





અમરેલી,તા.૧૬

કુંકાવાવ તાલુકાના જંગર ગામે આજે તા.૧૭ને મંગળવારના રોજ સવારના ૯:૩૦ કલાકે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. કુંકાવાવ તાલુકાના જંગર ગામે આજે સવારે ૯:૩૦ કલાકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રાજયમંત્રી જીતુભાઈ વાઘાણી અને કૌશિકભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં જળસંચયન યોજનાને લઈ અમરેલી વિધાનસભા વિસ્તારના ૪૫ ગામમાં તળાવ ઉંડુ ઉતારવાનું કામ શરૂ કરવામાં આવનાર હોય જેનું ખાતમહૂર્ત કરવામાં આવશે. તળાવ ઉંડુ ઉતારવા માટે રાજય સરકાર તરફથી ૪૫ હીટાચી મશીન ફાળવવામાં આવ્યા છે.આર.પી.

**દાતાનાં સહયોગથી સમસ્ત ગામ સોલારયુક્ત બન્યું**

વસાણી ફાઉન્ડેશનના સહયોગથી જંગર ગામ સોલારયુકત બન્યુ હોય તેમજ રીવરફ્રન્ટ તળાવનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. સમસ્ત જંગર ગામમાં નાયબ મુખ્યમંત્રીના આગમનને લઈ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# લીલીયા મોટાની જર્જરિત સિવિલ હોસ્પિટલમાં જીવના જોખમે ચાલતા વિવિધ વિભાગો



લીલીયા, તા.૧૭

લીલીયા મોટા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલની હાલત અત્યંત બિસ્માર હોવા છતાં, તંત્ર દ્વારા જોખમી ઈમારતમાં મહત્વપૂર્ણ વિભાગો કાર્યરત રાખવામાં આવતા દર્દીઓ અને કર્મચારીઓના જીવ પર જોખમ ઊભું થયું છે. હોસ્પિટલને જર્જરિત જાહેર કરાયા છતાં અહીં ઓફિસ કાર્ય, એક્સ-રે વિભાગ અને PMJAY કાર્ડની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. ઈમારતમાં જવા માટે સુરક્ષિત રસ્તા કે દાદરની વ્યવસ્થા ન હોવાથી દર્દીઓને કાચા માર્ગ કે ટ્રેક પરથી પસાર થવું પડે છે, જે સ્ટ્રેચર પર આવતા ગંભીર દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. લીલીયા 'આપ' પાર્ટીના મહામંત્રી રાજુભાઈ ગરાણીયાએ આ ગંભીર સ્થિતિ અંગે ઉગ્ર રોષ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, કર્મચારીઓ અને જનતાના જીવ સાથે ચેડાં કરવાનું બંધ કરી તાત્કાલિક સુરક્ષિત વ્યવસ્થા કરવામાં આવે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં તંત્ર જાગે તેવી માંગ કરવામાં આવી છે.

# વડિયામાં ૨૦૦ વર્ષ જૂના રામ મંદિરનો જીર્ણોદ્ધાર: ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી



અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લાના વડિયા તાલુકા મથકે આશરે ૨૦૦ વર્ષ જૂના ઐતિહાસિક રામજી મંદિરનો જીર્ણોદ્ધાર કરી, ધર્મપ્રેમી દાતાઓના સહયોગથી આશરે ૭૦ લાખ રૂપિયાના ખર્ચે ભવ્ય નૂતન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મંદિરમાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણજી અને જાનકી માતાની મૂર્તિઓ સ્થાપિત કરવા માટે તારીખ ૧૩, ૧૪ અને ૧૫ માર્ચના રોજ ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠા મહાયજ્ઞ, ભવ્ય નગરયાત્રા અને મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવના ભાગરૂપે યોજાયેલા મહાયજ્ઞમાં મુખ્ય દાતા સ્વ. ડાયાભાઈ નાથાભાઈ ઊંધાડ પરિવાર વતી પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ અને અન્ય દાતાઓએ શાસ્ત્રોક્ત વિધિ સાથે પૂજા-અર્ચના કરી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે વડિયાના ગાયત્રીચોક યુવક મંડળે ભારે જહેમત ઉઠાવી હતી. મંદિર નિર્માણ અને મહોત્સવમાં આર્થિક અને શારીરિક સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓનો મંદિર આયોજન કમિટી વતી સરપંચ મનીષ ઢોલરીયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# અમરેલી જિલ્લામાં 'ઉલ્લાસ' અંતર્ગત સાક્ષરતા કસોટીનું સફળ આયોજન

**શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રના સહિયારા પ્રયાસોથી ૧,૯૭૪ પરીક્ષાર્થીઓ જોડાયા**



અમરેલી,તા.૧૬

ભારત અને ગુજરાત સરકારના 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' (Ullas) હેઠળ અમરેલી જિલ્લામાં ૧૫ માર્ચ, ૨૦૨૬ના રોજ પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન કસોટી (FLNAT) ઉત્સાહભેર યોજાઈ હતી. જિલ્લાના કુલ ૩૨૨ કેન્દ્રો પર આયોજિત આ પરીક્ષામાં ૧,૯૭૪ નિરક્ષર ભાઈ-બહેનો અને વડીલોએ પાયાનું શિક્ષણ મેળવવાના ઉમદા હેતુથી ભાગ લીધો હતો. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે જેસીંગપરા કન્યાશાળાની રૂબરૂ મુલાકાત લઈને પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ અભિયાનને સફળ બનાવવા જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી એમ. બી. ગોહિલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી કે. વી. મિયાણીના માર્ગદર્શન હેઠળ સચોટ આયોજન કરાયું હતું. તાલુકા કક્ષાએ શિક્ષણ અધિકારીઓ, બી.આર.સી. અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓએ સંકલન સાધ્યું હતું.

## તરવડા ગુરૂકુળના વિદ્યાર્થીઓએ ધોતી-ચાદર પહેરી સંસ્કૃતનું પેપર આપ્યુ



તરવડા ગુરુકુલના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ સંસ્કૃત વિષયની બોર્ડ પરીક્ષામાં એક પ્રશંસનીય પહેલ કરી હતી. આધુનિક સમયમાં પણ પોતાની પ્રાચીન પરંપરાને જીવંત રાખતા, તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર પરંપરાગત ધોતી અને ચાદર પહેરીને પરીક્ષા આપવા પહોંચ્યા હતા. સંસ્કૃત જેવી દેવવાણીના પેપરમાં ભારતીય પહેરવેશ ધારણ કરીને વિદ્યાર્થીઓએ શિક્ષણ અને સંસ્કારનો સુંદર સમન્વય રજૂ કર્યો હતો.

# અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના સંગીત વિદ્યાર્થીઓની પ્રતિભા આકાશવાણી રાજકોટમાં ગુંજી



અમરેલી,તા.૧૬

અમરેલીની શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ આકાશવાણી રેડિયો સ્ટેશન રાજકોટ ખાતે પોતાની સંગીત પ્રતિભા રજૂ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. ૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ વિદ્યાર્થીઓ રેકોર્ડિંગ માટે ગયા હતા, જ્યાં શ્રીરામનવમીના પાવન પર્વ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું પ્રસારણ ૧૫ માર્ચ, રવિવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ સંગીતના માધ્યમથી ભજન, કીર્તન, ધૂન અને લોકગીતો રજૂ કરીને આકાશવાણી રેડિયો સ્ટેશન પર આનંદિત માહોલ બનાવ્યો હતો. જેમાં જ્ઞાનશક્તિ સ્કૂલના ગોહિલ મંત્ર (શ્રીરામ સ્પીચ), ચાંદુ જયરાજ (મેરે ઘર રામ આયેગે), રાહુલ રાઠોડ (તાળી પાડો તો મારા રામ ની રે) અને કયાનખાન પઠાન (તુલસી શ્યામ) એ પોતાની કલા રજૂ કરી હતી. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓમાં કથેરીયા કાવ્ય (ગણેશ સ્થાપના), કાબરીયા આર્યન (રામ નામ), કાબરીયા શિવમ (હૂંડી) અને ગારૈયા ડેનિલ (રામ આયેગે) એ સુંદર રજૂઆત કરી હતી. સંગીત સાથમાં કિશનભાઈ ગોંડલીયા (હાર્મોનિયમ), દેવમુરારી દિપ (કીબોર્ડ), જીવાણી દક્ષ અને ગોહિલ અંશ (તબલા) એ સહયોગ આપ્યો હતો.


















-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.17/2026
મરણ તારીખ : 28/05/2023

શ્રી વિભુભાઈ પરબતભાઈ મોરી,
રહે.દેવળી, ગામ-દેવળી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, દેવળી, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વિભુભાઈ પરબતભાઈ મોરી, રહે.દેવળી, ગામ-દેવળી તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પત્ની સ્વ. વેજાયબેન વિભુભાઈ મોરીનું મરણ તારીખ.28/05/2023ના રોજ કોડીનાર તાલુકાના દેવળી ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.69/2026
જન્મ તારીખ : 08/10/1995

શ્રી હાલાઈ મો.યુસુફ તૈયબભાઈ,
રહે.અનુપમ સ્કુલ વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ મો.યુસુફ તૈયબભાઈ, રહે.અનુપમ સ્કુલ વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી તૈયબભાઈ આદમભાઈ હાલાઈ તથા ખાતુબેન તૈયબભાઈ હાલાઈ ના પુત્રી રેહાનાબાનુ તૈયબભાઈ હાલાઈનો જન્મ તારીખ.08/10/1995ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.81/2026
જન્મ તારીખ : 01/01/1961

શ્રી રામાભાઈ નથુભાઈ ચાવડા,
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કોટડા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રામાભાઈ નથુભાઈ ચાવડા, રહે.કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નથુભાઈ સીદીભાઈ ચાવડા તથા રાણીબેન નથુભાઈ ચાવડા ના પુત્રી સોનાબેન નથુભાઈ ચાવડાનો જન્મ તારીખ.01/01/1961ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.9/2026
મરણ તારીખ : 21/08/1987

શ્રી ફારૂક અલીભાઈ સેલોત,
રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ફારૂક અલીભાઈ સેલોત, રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા સ્વ.અલીભાઈ હાસમભાઈ સેલોતનું મરણ તારીખ.21/08/1987ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૦ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### સાવરકુંડલા ખાતે યોજાયેલી જુનીયર ક્લાર્કની ભરતી પરીક્ષામાં

# ભાજપ અને આપ આગેવાનોએ ટ્રસ્ટીઓને ધમકાવી ધમકી આપી હોવાની ફરિયાદ

અમરેલી,તા.૧૬

સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં જુનિયર ક્લાર્કની ભરતી પ્રક્રિયા દરમિયાન ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કોલેજના ટ્રસ્ટી ચંદ્રિકાબેન ગિરીશભાઈ કામદારે નોંધાવેલી વિગતવાર ફરિયાદ મુજબ, જ્યારે કોલેજ પ્રશાસન પારદર્શક રીતે પરીક્ષા લેવાની



તૈયારીમાં હતું, ત્યારે ભાજપના નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતા, આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ જગદીશ ઠાકોર અને તેમનો પુત્ર ગેરકાયદેસર રીતે કોલેજ પરિસરમાં પ્રવેશ્યા હતા. આ શખ્સોએ કોલેજ મેનેજમેન્ટ પર ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કરી વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો હતો.તેમણે જાહેરમાં બૂમો પાડીને ટ્રસ્ટીઓને ધમકાવ્યા હતા કે પરીક્ષામાં અગાઉથી 'સેટિંગ' કરી લેવામાં આવ્યું છે અને ચોક્કસ ઉમેદવારોને પાસ કરવા માટે નાણાકીય વ્યવહારો થયા છે. આ અપમાનજનક ટિપ્પણીઓ અને ધાક-ધમકીને કારણે પરીક્ષાના સંચાલનમાં વિક્ષેપ પડ્યો હતો, જેને પગલે અંતે સિક્યુરિટીની મદદથી તેઓને બહાર કાઢવામાં આવ્યા હતા. હાલમાં ટાઉન પોલીસ આ મામલે કાયદેસરની તપાસ ચલાવી રહી છે.

**કોલેજના ટ્રસ્ટી દ્વારા ત્રણ લોકો સામે પોલીસને ફરિયાદ કરવામાં આવી**

# અમરેલી જિલ્લાના ખેડૂતો માટે ઘઉંની ટેકાના ભાવે ખરીદીની મુદત લંબાવાઈ

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં ઘઉંની ટેકાના ભાવે સીધી ખરીદી કરવા માટેની નોંધણી પ્રક્રિયા લંબાવવામાં આવી છે. હવે ખેડૂતો આગામી ૨૭ માર્ચ, ૨૦૨૬ સુધી વી.સી.ઈ. મારફતે ઓનલાઈન નોંધણી કરાવી શકશે. આ વર્ષે સરકારે ઘઉંનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૨,૫૮૫ નક્કી કર્યો છે, જેની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ



દ્વારા કરવામાં આવશે. નોંધણી માટે ખેડૂતોએ આધારકાર્ડ, અદ્યતન સાત-બાર અને આઠ-અ ના ઉતારા તેમજ બેંક ખાતાની વિગતો સાથે રાખવી અનિવાર્ય છે. જો પાક વાવણીની એન્ટ્રી ન થઈ હોય તો તલાટીનો દાખલો રજૂ કરવો પડશે. સમગ્ર પ્રક્રિયા બાયોમેટ્રિક એથેન્ટિકેશન દ્વારા જ પૂર્ણ થશે, તેથી ખેડૂતે રૂબરૂ હાજર રહેવું જરૂરી છે. નોંધણી બાદ ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા ખરીદીના સમય અને તારીખની જાણ કરવામાં આવશે. કોઈપણ મૂંઝવણ કે માર્ગદર્શન માટે સરકાર દ્વારા જાહેર કરાયેલા હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# સાવરકુંડલાના વિજપડી ગામે એસ.ટી ચાલકે મોટર સાયકલને ટક્કર મારી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાના વિજપડી ગામે એસટી ચાલકે મોટર સાયકલને ટક્કર મારતા ઈજાગ્રસ્ત થયો હતો. આ અંગે મમતાબેન મનુભાઈ જાદવ (ઉ.વ.૨૯)એ એસ.ટી. બસના ડ્રાઈવર બાબરીયા જયેશભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાહેદ અલારખભાઈના મોટર સાયકલ પાછળ બેસી વિજપડી ગામે અન્નપુર્ણા લોજથી વિજપડી આ.પો. તરફ જતા હતા. તે દરમ્યાન વજુભાઈની કરીયાણાની દુકાન સામે પહોંચતા એસ.ટી. બસ ચાલકે પાછળથી ટકકર મારી હતી. જેમાં તેમને તથા સાહેદ અલારખભાઈને જમણા પગમા ગંભીર ઈજાઓ તથા શરીરે નાની મોટી ઈજા થઈ હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી એ ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા શહેરમાં રમઝાન માસના અવસરે ઈફતાર પાર્ટીનું આયોજન

બાબરા,તા.૧૬

બાબરા શહેરમાં પવિત્ર રમઝાન માસના પાવન અવસરે ગુજરાત મુસ્લિમ એકતા મંચના અગ્રણી હરુનભાઈ મેતર દ્વારા એક ભવ્ય ઈફ્તાર પાર્ટીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં હિન્દુ-મુસ્લિમ એકતા અને ભાઈચારાનો મજબૂત સંદેશ



તસવીર : દિપક કનૈયા

વહેતો કરવાનો હતો. આ વિશેષ પ્રસંગે હિન્દુ અને મુસ્લિમ બંને સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ તેમજ વિવિધ સામાજિક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અત્યંત સૌહાર્દપૂર્ણ અને આનંદદાયક વાતાવરણમાં સૌએ સાથે મળીને રોજા ખોલ્યા હતા અને પરસ્પર પ્રેમની આપ-લે કરી હતી. કાર્યક્રમના અંતે સમગ્ર સમાજમાં હંમેશા સ્નેહ, ભાઈચારો અને શાંતિ જળવાઈ રહે તે માટે સામૂહિક દુઆ અને પ્રાર્થના કરવામાં આવી હતી, જેણે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## અમરેલી જિલ્લામાં ૩૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશનના પ્રવૃત્તિ સામે કડક કામગીરી કરી રહી છે. જિલ્લામાં વિવિધ જગ્યાએ ૩૦ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જેમાં કેટલીક મહિલાઓ પણ સામેલ હતી. આ ઉપરાંત જિલ્લામાંથી ૮ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## અમરેલીના જાળીયા ગામે સોલાર ફીટ કરાવી આપવાની લાલચે ૨૦ હજારની છેતરપિંડી

અમરેલી, તા.૧૬

અમરેલીના જાળીયા ગામે સોલાર ફીટ કરાવી આપવાની લાલચે ૨૦ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. આશિષભાઈ પરશોત્તમભાઈ લક્કડ, (ઉ.વ.૩૬)એ શુભમ મીસ્ત્રી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને સોલાર ફીટ કરી દેવાનો વિશ્વાસ આપી રૂ. ૨૦,૦૦૦ની ઠગાઈ કરી હતી.

### આદેશ આશ્રમ ખાતે યોજાયેલા સંમેલનમાં સાધુ,સંતો, અગ્રણીઓ હાજર રહ્યા

# લાઠી તાલુકાના હીરાણા ગામે વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ

અમરેલી,તા.૧૬

લાઠી તાલુકાના હીરાણા ગામે આવેલ આદેશ આશ્રમ ખાતે તાજેતરમાં એક વિશાળ હિન્દુ સંમેલન સંપન્ન થયું હતું. આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હિન્દુ સમાજના લોકો ખૂબ જ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. આ



અવસરે બોટાદ ગુરુકુલના શાસ્ત્રી માધવ પ્રિયદાસ સ્વામી, મહંત બાલકનાથ બાપુ અને રઘુનાથદાસજી સહિતના અનેક નામી સંતોએ પોતાની પાવન ઉપસ્થિતિ દ્વારા ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા. સંમેલન દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ હિન્દુ સંસ્કૃતિના જતન અને પરંપરાઓના રક્ષણ પર ભાર મૂક્યો હતો. વક્તાઓએ સમાજને સંગઠિત થઈ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા માટે હાકલ કરી હતી. ધાર્મિક ચર્ચાઓની સાથે સામાજિક સમરસતા અને પરસ્પર સૌહાર્દ જાળવી રાખવાનો મહત્વનો સંદેશ આ મંચ પરથી વહેતો કરવામાં આવ્યો હતો.

**મહાનુભાવોએ હિન્દુ સંસ્કૃતિના જતન અને પરંપરાઓના રક્ષણ પર ભાર મૂક્યો**

# દામનગર શહેરમાં રામનવમીથી વિનામૂલ્યે છાશ કેન્દ્ર શરૂ કરાશે

અમરેલી,તા.૧૬

દામનગરના પટેલવાડી ખાતે જીવદયા નંદી સેવા ટ્રસ્ટ દ્વારા રામનવમીના પવિત્ર પર્વ પર વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને ઠંડક અને રાહત આપવા માટે આ સરાહનીય વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવાનો લાભ લેવા ઈચ્છતા



લાભાર્થીઓએ કાર્ડ મેળવવું ફરજિયાત છે, જેની પ્રક્રિયા આગામી ૨૦ માર્ચ, ૨૦૨૬થી શરૂ થશે. લાભાર્થીઓ આ કાર્ડ ઘનશ્યામનગર, ગોરધનભાઈ આસોદરિયાની દુકાન અથવા પટેલવાડી ખાતેથી મેળવી શકશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૧૭-૦૩-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૦,
સૂર્યાસ્ત-૦૬:૪૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતક તારકા, પૂર્વ ભાદ્રપદ

### દૈનિક રાશિફળ

તા.૧૭-૦૩-૨૦૨૬ શનિવાર

- મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે.
- વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.
- મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.
- કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે.
- સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે.
- કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી.
- તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.
- વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.
- ધન: આજે દરેક બાબત ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.
- મકર:આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.
- કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે.
- મીન:આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

# દામનગરમાં રામનવમી નિમિત્તે રથયાત્રાનું આયોજન કરાયું

**ઉત્સવ સમિતિની બેઠકમાં લેવાયા મહત્વના નિર્ણયો**

અમરેલી,તા.૧૬

દામનગરના ઐતિહાસિક રામજી મંદિર ખાતે શ્રી રામ જન્મોત્સવ સમિતિની એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી રામ નવમીના પવિત્ર પર્વ નિમિત્તે નિકળનારી ભવ્ય રથયાત્રાના સુચારુ આયોજન માટે આ બેઠક



યોજાઈ હતી. જેમાં રથયાત્રાનો નિર્ધારિત રૂટ, શહેરનું સુશોભન, ધજા-પતાકાની સજાવટ અને પ્રસાદ વિતરણ જેવી પાયાની વ્યવસ્થાઓ અંગે સવિસ્તાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિક યુવાનોએ ઉત્સાહપૂર્વક વિવિધ સેવાઓ અને જવાબદારીઓ સ્વિકારી પરામર્શ કર્યો હતો. મંદિર પરિસરમાં આયોજિત આ બેઠકમાં બહોળી સંખ્યામાં સ્વયંસેવકો અને ધર્મપ્રેમી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આયોજન મુજબ, આગામી ૨૭ માર્ચ ૨૦૨૬ના શુક્રવારના રોજ બપોરે ૨:૩૦ કલાકે રામજી મંદિરથી રથયાત્રાનું પ્રસ્થાન થશે, જે શહેરના મુખ્ય રાજમાર્ગો પર ભ્રમણ કરશે. રથયાત્રાના માનમાં દામનગર શહેર બપોર પછી સ્વૈચ્છિક રીતે સંપૂર્ણ બંધ પાળશે.

## કુંભારીયા વોકળામાં ડૂબી જવાથી ગરણી ગામના યુવકનું મોત

બાબરા, તા.૧૬

બાબરાના ગરણી ગામના યુવકનું કુંભારીયા વોકળામાં ડૂબી જવાથી મોત થયું હતું. આ અંગે ચંદુભાઈ જીવરાજભાઈ રાઠોડ (ઉંમર ૫૦) એ જાહેર કર્યા મુજબ ભરતભાઈ જીવરાજભાઈ રાઠોડ (ઉ.વ. ૪૧) કુંભારીયા વોકળામા ન્હાવા ગયા હતા. ત્યાં અકસ્માતે પગ લપસી જતા પાણીના ખાડામાં પડી જતા પાણીમાં ડૂબી જવાથી તેમજ માથામા પથ્થર વાગવાથી ઈજા થવાથી મરણ પામ્યા હતા.

## ખાખબાઈ ગામેથી યુવક ઘરેથી ચાલી નીકળ્યો

રાજુલા, તા.૧૬

રાજુલાના ખાખબાઈ ગામેથી યુવક ઘરેથી ચાલી નીકળ્યો હતો. આ અંગે રાહુલભાઈ ભાવેશભાઈ મકવાણા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, સુખદેવભાઈ ઉર્ફે બાલો ભાવેશભાઈ મકવાણા (ઉ.વ.૩૧) ખાખબાઈ માતાજીના મંદિર પાસેથી ૧૧.૦૩.૨૦૨૬ ના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક જતા રહ્યા હતા. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

**જાહેર નોટીસ**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઉના //-**

અરજી નં.૭૩/૨૦૨૬
જન્મ તારીખ : ૧૨/૦૧/૧૯૯૩

શ્રી દેવુબેન કરશનભાઈ સોલંકી,
રહે.કાણકબરડા, ગામ-કાણકબરડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.એસ.રાઠોડ, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કાણકબરડા, તા.ઉના, જિલ્લો ગીરસોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી દેવુબેન કરશનભાઈ સોલંકી રહે. કાણકબરડા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પુત્ર મહેશભાઈ કરશનભાઈ સોલંકીનો જન્મ તારીખ ૧૨/૦૧/૧૯૯૩ ના રોજ ઉના તાલુકાના કાણકબરડા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર પુરાવા સાથે જાતે અગર તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.કે.ભીમાણી)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૩૭/૨૦૨૬ તા.૧૧/૦૩/૨૦૨૬

શ્રી કેશુભાઈ પ્રાગજીભાઈ દોંગા
રહે.૩૦૭, શ્યામધામ સંકુલ-૧, પુણાગામ, ચોર્યાસી, સુરત ........અરજદાર

-::વિરૂધ્ધઃ:-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા
તા. વિસાવદર, જી.જુનાગઢ ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી કેશુભાઈ પ્રાગજીભાઈ દોંગા રહે. પુણાગામ, ચોર્યાસી, સુરત એ તેમની પુત્રીશ્રી અર્શિતા કેશુભાઈ દોંગાનો જન્મ તા.૨૬/૦૫/૧૯૯૭ ના રોજ વિસાવદર તાલુકાના વેકરીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વેકરીયા, તા. વિસાવદર, જી.જુનાગઢના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૧ મી માર્ચ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

**મામલતદાર અને તાલુકા એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૦૧/૨૦૨૬ તા.૧૩/૦૩/૨૦૨૬

વિવાદી- શ્રી જેરામભાઈ પરશોતમભાઈ કાપડીયા
મુ.ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી
મો.૯૮૨૫૬૩૫૩૮૦

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, ધરાઈ
ધરાઈ ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના ભાણેજ ધારાબેન બળદેવભાઈ જોગાણીનો જન્મ તા.૦૧/૦૮/૧૯૯૯ ના રોજ મોજે-ધરાઈ, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૩/૦૨/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા/તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**તંત્રી લેખ**

# પાંચ રાજ્યોની ચૂંટણી અને દેશની રાજનીતિનો સંદેશ

ભારત જેવા વિશાળ લોકતંત્રમાં ચૂંટણી માત્ર સરકાર બનાવવાની પ્રક્રિયા નથી, પરંતુ તે લોકોના મનનો અવાજ વ્યક્ત કરવાની મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. જ્યારે દેશમાં અનેક રાજ્યોમાં એક સાથે ચૂંટણી યોજાય છે, ત્યારે તે માત્ર તે રાજ્યો માટે જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રીય રાજકારણ માટે પણ મહત્વપૂર્ણ સંદેશ લઈને આવે છે. આ વખત પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ દેશભરમાં ચર્ચાનો મુખ્ય વિષય બની છે. આ પાંચ રાજ્યોની કુલ ૮૨૪ બેઠકો માટે મતદાન થવાનું છે અને આ ચૂંટણીના પરિણામો દેશની રાજકીય દિશા પર અસર કરી શકે તેવી શક્યતા છે. ચૂંટણી પંચે આ પાંચ રાજ્યો માટે મતદાનનો કાર્યક્રમ જાહેર કર્યો છે. કાર્યક્રમ મુજબ કેરળ, આસામ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે મતદાન યોજાશે અને આ ત્રણેય રાજ્યોમાં એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થશે. જ્યારે તમિલનાડુમાં ૨૩ એપ્રિલે મતદાન થશે. પશ્ચિમ બંગાળમાં મતદાન બે તબક્કામાં યોજાશે, જેમાં ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલે મતદાન થશે. તમામ રાજ્યોના ચૂંટણી પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. આ સમગ્ર સમયગાળા દરમિયાન દેશભરમાં રાજકીય ગરમાવો જોવા મળશે અને રાજકીય પક્ષો પ્રચાર માટે પૂરજોશમાં મેદાનમાં ઉતરશે. આ ચૂંટણી માત્ર રાજ્યોમાં સરકાર બનાવવાની પ્રક્રિયા નથી, પરંતુ તે કેન્દ્રની રાજકીય પરિસ્થિતિ માટે પણ મહત્વપૂર્ણ સંકેતો આપે છે. રાજકીય પક્ષો માટે આ ચૂંટણી પ્રતિષ્ઠાની લડાઈ સમાન બની છે. સત્તાધારી પક્ષો પોતાના કાર્યકાળ દરમિયાન થયેલા વિકાસકાર્યો અને યોજનાઓના આધારે લોકોનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીજી તરફ વિરોધ પક્ષો સરકારની નીતિઓ, ખામીઓ અને લોકોની સમસ્યાઓને મુદ્દા બનાવીને મતદારોને પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણી પંચે જણાવ્યું છે કે મતદાન પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ અને પારદર્શક રીતે થાય તે માટે તમામ જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે. ચૂંટણી પહેલા અધિકારીઓએ વિવિધ રાજ્યોની મુલાકાત લઈને પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું છે. સ્થાનિક અધિકારીઓ, રાજકીય પક્ષો અને સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક કરીને યોગ્ય આયોજન બનાવવામાં આવ્યું છે. મતદારોને નિર્ભય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન કરવાની તક મળે તે માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થાઓ પણ ગોઠવવામાં આવી રહી છે.આ પાંચ રાજ્યોમાં લાખો મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી માટે મોટી સંખ્યામાં સરકારી કર્મચારીઓ અને સુરક્ષા દળોની તૈનાતી કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન હજારો અધિકારીઓ અને કર્મચારીઓ વિવિધ જવાબદારીઓ સંભાળશે. આ સમગ્ર વ્યવસ્થા ભારતના લોકતંત્રની મજબૂત પરંપરાને દર્શાવે છે. ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું છે કે મતદાર યાદીની સચોટતા અને પારદર્શિતા જાળવવા માટે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૩૨૬ અનુસાર દરેક યોગ્ય નાગરિકને મતદાન કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તેથી મતદાર યાદીમાં કોઈ પણ યોગ્ય વ્યક્તિનું નામ છૂટે નહીં તેની ખાસ કાળજી લેવામાં આવે છે. સાથે જ ગેરકાયદેસર અથવા ખોટી નોંધણી અટકાવવા માટે પણ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. ચૂંટણી જાહેર થતાં જ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. આચાર સંહિતા લાગુ થતાં સરકારો નવી યોજનાઓ અથવા જાહેરાતો કરી શકતી નથી અને રાજકીય પક્ષોએ પણ ચૂંટણીના નિયમોનું પાલન કરવું પડે છે. આચાર સંહિતા ચૂંટણી પ્રક્રિયાને નિષ્પક્ષ રાખવા માટે મહત્વપૂર્ણ સાધન માનવામાં આવે છે.

# ખાડી યુધ્ધને કારણે ગુજરાતના કાપડ ઉદ્યોગની અવદશા



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાતનો કાપડ ઉદ્યોગ લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત સ્થાન ધરાવે છે. રાજ્યના અનેક શહેરોમાં ટેક્સટાઇલ સંબંધિત વિવિધ ઉદ્યોગો વિકસ્યા છે. સુરત, અમદાવાદ અને ભાવનગરમાં ટેક્સટાઇલ બોબીન, ટેક્સટાઇલ શટલ તેમજ ઓટો સ્પિનિંગ સાથે જોડાયેલા કમ્પોનન્ટ બનાવવાનો ઉદ્યોગ વિકસિત થયો છે. આ ઉપરાંત રાજકોટ અને ભરૂચ જેવા શહેરો પણ કાપડ ઉત્પાદન અને નિકાસ માટે જાણીતા બન્યા છે. અહીં ઉત્પાદિત કોટન યાર્ન, ગ્રે ફેબ્રિક, ડેનિમ, રેડીમેડ ગાર્મેન્ટ્સ અને હોમ ટેક્સટાઇલ્સ વિશ્વના અનેક દેશોમાં મોકલવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક પરિસ્થિતિમાં થયેલા બદલાવોને કારણે આ ઉદ્યોગને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. સુરત ભારતના મહત્વપૂર્ણ ઔદ્યોગિક શહેરોમાંનું એક છે અને તેને દેશનું સૌથી મોટું કાપડ કેન્દ્ર માનવામાં આવે છે. સુરતનો કાપડ ઉદ્યોગ દેશની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. અહીં લાખો લોકો સીધા અને આડકતરી રીતે કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. રોજગાર સર્જનમાં સુરતના કાપડ ક્ષેત્રની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ રહી છે. સુરતમાં ખાસ કરીને કૃત્રિમ કાપડ એટલે કે સિંથેટિક ટેક્સટાઇલનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. શહેરમાં હજારો પાવરલૂમ, ડાઈંગ અને પ્રોસેસિંગ એકમો કાર્યરત છે.

અહીં સાડી, ડ્રેસ મટિરિયલ, સુટિંગ-શર્ટિંગ અને વિવિધ પ્રકારના ફેબ્રિકનું ઉત્પાદન થાય છે. સુરતમાં બનેલું કાપડ માત્ર ગુજરાત કે ભારત સુધી મર્યાદિત નથી રહેતું, પરંતુ તે દેશના અનેક રાજ્યોમાં મોકલવામાં આવે છે અને વિદેશોમાં પણ નિકાસ કરવામાં આવે છે. સુરતનો કાપડ ઉદ્યોગ આધુનિક ટેકનોલોજી અને મોટા ઉત્પાદન માટે ઓળખાય છે. શહેરનો ટેક્સટાઇલ માર્કેટ પણ ખૂબ વિશાળ છે. સુરત કાપડ બજાર એ એશિયાના સૌથી મોટા હોલસેલ કાપડ બજારોમાંનો એક માનવામાં આવે છે. દેશભરના વેપારીઓ અહીંથી મોટા પાયે કાપડની ખરીદી કરે છે અને પછી તેને દેશના વિવિધ ભાગોમાં વેચાણ માટે મોકલે છે. આ ઉદ્યોગના વિકાસ પાછળ વેપારીઓની મહેનત, નવી ટેકનોલોજીનો ઉપયોગ અને મજબૂત વેપારી નેટવર્કનો મોટો ફાળો રહ્યો છે. ઘણા વર્ષોથી વેપારીઓએ નવી મશીનો, આધુનિક પ્રોસેસિંગ પદ્ધતિઓ અને સુધારેલા ઉત્પાદન માપદંડો અપનાવ્યા છે, જેના કારણે સુરતનો કાપડ ઉદ્યોગ દેશ અને વિદેશ બંને બજારમાં સ્પર્ધાત્મક રહ્યો છે. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં વૈશ્વિક બજારમાં માંગમાં ઘટાડો, કાચા માલના ભાવમાં વધારો અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા જેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને વૈશ્વિક રાજકીય અને વેપારી પરિસ્થિતિમાં આવેલા ફેરફારોના કારણે કાપડ નિકાસ પર સીધી અસર જોવા મળી છે. વિશ્વ સ્તરે વેપાર અને રાજકીય તણાવ વધતા કાપડ ક્ષેત્ર પર તેની અસર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. ખાસ કરીને અમેરિકા અને ચીન વચ્ચે વધેલા વેપાર તણાવ દરમિયાન આંતરરાષ્ટ્રીય વેપારના પ્રવાહોમાં મોટો ફેરફાર આવ્યો. અગાઉ ચીન ભારતીય કોટન યાર્નનો મોટો ખરીદદાર હતો, પરંતુ વેપાર નીતિઓમાં ફેરફાર અને સ્થાનિક ઉત્પાદન વધારવાના પ્રયાસો પછી ચીને ભારતમાંથી કોટન યાર્નની આયાતમાં નોંધપાત્ર ઘટાડો કર્યો. તેના કારણે ગુજરાત સહિત ભારતના અનેક સ્પિનિંગ મિલો અને નિકાસકારોને નવા બજારો શોધવાની જરૂર પડી. આ પરિવર્તન સાથે જ કાચા માલના ભાવમાં વધતી અસ્થિરતાએ પણ ઉદ્યોગને મુશ્કેલીમાં મૂક્યો છે. કપાસના ભાવ ક્યારેક ઝડપથી વધી જાય છે તો ક્યારેક અચાનક ઘટી જાય છે. આવી સ્થિતિમાં ઉત્પાદકો માટે ઉત્પાદન ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બની જાય છે. જ્યારે કપાસ મોંઘો થાય છે ત્યારે ઉત્પાદન ખર્ચ વધી જાય છે, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ વધારવાની તકો મર્યાદિત હોય છે. પરિણામે ઉત્પાદકોના નફાના માર્જિનમાં ઘટાડો થાય છે. આ ઉપરાંત લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં ઉભી થયેલી સમસ્યાઓએ પણ કાપડ ઉદ્યોગને અસર કરી છે. કોવિડ મહામારી પછી વૈશ્વિક સપ્લાય ચેઈન સંપૂર્ણપણે સ્થિર થઈ શકી નથી. કન્ટેનરની અછત, શિપિંગ દરોમાં વધારો અને માલ પહોંચાડવામાં થતી મોડાશ જેવી સમસ્યાઓ નિકાસકારો માટે સતત પડકાર બની રહી છે. ઘણા નિકાસકારો કહે છે કે તેમને અગાઉ કરતાં વધુ ખર્ચાળ અને અનિશ્ચિત લોજિસ્ટિક વ્યવસ્થાનો સામનો કરવો પડે છે. વૈશ્વિક રાજકીય તણાવ અને યુદ્ધો પણ કાપડ ક્ષેત્ર માટે મોટી ચિંતા ઉભી કરી રહ્યા છે. રશિયા-યુક્રેન યુધ્ધ થયા પછી યુરોપિયન બજારમાં માંગમાં ઘટાડો જોવા મળ્યો. યુરોપ ભારતના કાપડ ઉત્પાદનો માટે મહત્વપૂર્ણ બજાર ગણાય છે. ત્યાંની આર્થિક અનિશ્ચિતતા અને ઊર્જા ખર્ચમાં વધારો થતાં ગ્રાહકોના ખર્ચમાં ઘટાડો થયો છે, જેના કારણે કાપડ અને વસ્ત્રોની ખરીદીમાં પણ ઘટાડો નોંધાયો છે. તાજેતરમાં પશ્ચિમ એશિયામાં વધેલા તણાવને કારણે પણ કાપડ નિકાસકારોની મુશ્કેલીઓ વધી છે. ગલ્ફ પ્રદેશ ભારતના કાપડ ઉત્પાદનો માટે મહત્વપૂર્ણ બજાર છે. પરંતુ આ વિસ્તારમાં ઉભી થયેલી અસ્થિરતાના કારણે વેપાર પ્રવાહો પર અસર થઈ રહી છે. કેટલાક માર્ગો પર શિપિંગ સેવા મર્યાદિત થઈ છે અને ઘણા શિપિંગ ઓપરેટરોએ વધારાના જોખમને ધ્યાનમાં રાખીને વધારાનો યુદ્ધ સરચાર્જ વસૂલવાનું શરૂ કર્યું છે. આ વધારાના ખર્ચનો સીધો બોજ નિકાસકારો પર પડે છે. ઉદ્યોગના ઘણા પ્રતિનિધિઓનું માનવું છે કે છેલ્લા કેટલાક વર્ષો કાપડ નિકાસ માટે ખૂબ કઠિન સમયગાળો રહ્યો છે. વૈશ્વિક બજારમાં માંગ અસ્થિર હોવાને કારણે ઉત્પાદનનું આયોજન કરવું મુશ્કેલ બની જાય છે. ઘણી વખત મોટા ઓર્ડર અચાનક મુલતવી રાખવામાં આવે છે અથવા રદ થઈ જાય છે, જેના કારણે ઉદ્યોગને નાણાકીય નુકસાન સહન કરવું પડે છે. તે છતાં કાપડ ઉદ્યોગના નેતાઓ સંપૂર્ણપણે નિરાશ નથી. તેમના મતે ભારત હજુ પણ વૈશ્વિક ખરીદદારો માટે વિશ્વસનીય સોર્સિંગ કેન્દ્ર તરીકે માનવામાં આવે છે. ગુણવત્તાવાળા ઉત્પાદન, મજબૂત મેન્યુફેક્ચરિંગ આધાર અને કુશળ શ્રમિકોની ઉપલબ્ધતા ભારતને અન્ય દેશોની સામે સ્પર્ધાત્મક બનાવે છે. ઘણા આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ હજુ પણ ભારત સાથે લાંબા ગાળાના વ્યવસાયિક સંબંધો જાળવવા ઈચ્છે છે. આ પરિસ્થિતિમાં ઉદ્યોગ માટે નવા બજારો શોધવાની જરૂરિયાત વધુ મહત્વપૂર્ણ બની છે. પરંપરાગત બજારો સિવાય આફ્રિકા, લેટિન અમેરિકા અને દક્ષિણ પૂર્વ એશિયા જેવા વિસ્તારોમાં ભારતીય કાપડ માટે નવી તકો ઊભી થઈ રહી છે. કેટલાક નિકાસકારો પહેલેથી જ આ વિસ્તારોમાં પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવાના પ્રયાસો કરી રહ્યા છે. ટેકનોલોજી અને નવીનતા પણ ઉદ્યોગને સ્થિર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આધુનિક મશીનો, ડિજિટલ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અને ગુણવત્તા સુધારણા જેવા પગલાં ઉત્પાદકોને વૈશ્વિક સ્પર્ધામાં આગળ રાખી શકે છે. સાથે સાથે ટકાઉ અને પર્યાવરણમિત્ર ઉત્પાદનો તરફ વધતી વૈશ્વિક માંગ ભારતીય ઉદ્યોગ માટે નવી તક બની શકે છે. સરકાર દ્વારા પણ કાપડ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. ઉત્પાદન વધારવા, નિકાસ પ્રોત્સાહન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા માટેની નીતિઓ ઉદ્યોગને સહારો આપી શકે છે. જો યોગ્ય નીતિ સહાય અને બજાર વૈવિધ્યીકરણ સાથે આગળ વધવામાં આવે તો કાપડ ઉદ્યોગ ફરીથી મજબૂત ગતિ મેળવી શકે છે.કુલ મળીને જોવામાં આવે તો ગુજરાતનો કાપડ ઉદ્યોગ દદહાલમાં વૈશ્વિક અસ્થિરતા, કાચા માલના ભાવમાં ફેરફાર અને વધતા લોજિસ્ટિક ખર્ચ જેવા અનેક પડકારો વચ્ચે સંઘર્ષ કરી રહ્યો છે.

**પાંચ વર્ષથી આ ઉદ્યોગ સતત વૈશ્વિક અસ્થિરતા, વેપાર તણાવ અને કાચા માલના વધતા-ઘટતા ભાવ જેવા અનેક પડકારોનો સામનો કરી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં થતા પરિવર્તનો અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓના કારણે માંગમાં અનિશ્ચિતતા વધતાં ગુજરાતના નિકાસકારો પર ભારે દબાણ ઊભું થયું છે.**

## શબ્દ સંજોગ-૨૧૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ■ | ૪ | |
| ૫ | ૬ | | ■ | | ■ | ૭ | | ■ |
| ■ | | ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | |
| ૧૧ | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | ■ |
| ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | ■ | | ■ | ૧૮ |
| ■ | ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ | |
| ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | | ■ | | ■ |
| | ■ | ૨૬ | | | ■ | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | ■ | ૩૦ | | | ■ | |

**આડી ચાવી :**
(૨) પાંચ પાંડવો માનો એક (૪)
(૪) લખાણની રીત (૨)
(૫) તૃપ્ત, ધરાયેલું (૩)
(૭) પર્વત (૨)
(૮) નામ વિનાનું (૩)
(૧૦) મહારાષ્ટ્રનું એક શહેર (૨)
(૧૨) લશ્કર, ફોજ (૨)
(૧૩) સત્યવાનની પત્ની (૩)
(૧૫) પથ્થર, પહાણો (૩)
(૧૭) અડધાનું અડધું (૧)
(૧૯) પવનમાં ફરફરવું તે (૩)
(૨૧) કલ્પના, અનુમાન (૪)
(૨૩) એક વાદ્ય (૨)
(૨૪) પાકો રસ્તો (૩)
(૨૬) પવન ફૂંકવાનું સાધન (૩)
(૨૭) મારફતિયો (૩)
(૨૯) ચારગાઉ (૩)
(૩૦) એક ફરસાણ (૩)

**ઉભી ચાવી :**
(૧) ......ત્યાં જંપ (અ) (૨)
(૨) સાત (૨)
(૩) બોધ, ઉપદેશ (૩)
(૪) પર્વત (૨)
(૬) સંતોષ, ધરવ (૩)
(૮) બીજુ, પર (૨)
(૯) હરસનું દરદ (૨)
(૧૧) .....ઘરે આનંદ ભયો (૨)
(૧૨) નાક દ્વારા શ્વાસ પછો ખેંચવાથી થતો આવાજ (૩)
(૧૪) વિશ્વરૂપ ઈશ્વર (૩)
(૧૬) એ રાગનું કાવ્ય (૩)
(૧૮) દોડવું તુ ને..... મળ્યો (૨)
(૨૦) એક દક્ષિણ ભારતીય વાનગી (૩)
(૨૧) દુઃખ, પાપ (૨)
(૨૨) લક્ષ્મી (૩)
(૨૩) ખાટલો, પલંગ (૩)
(૨૫) સિંહની ગર્જના (૩)
(૨૬) એક રાશી (૨)
(૨૭) શેતરંજી, ગુફા (૨)
(૨૮) ધનની દેવી (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૨ જવાબ

**આડી ચાવી** : (૧) ઝારખંડ (૪) અખોઝર (૭) લવ (૮) ખોડીબારૂં (૧૧) નબ (૧૨) રાબ (૧૩) નક્કર (૧૫) કંકર (૧૬) ખો (૧૭) ક્ષણિક (૨૦) પત્ર (૨૨) સજા (૨૩) બવ (૨૪) લયલા (૨૫) મંછા (૨૬) નાળ (૨૭) મહી (૨૮) યોજના
**ઉભી ચાવી** : (૧) ઝાલર (૨) રવ (૩) ડખો (૪) અબાબ (૫) ખોરૂં (૬) રવાબ (૯) ડીન (૧૦) ડુક્કર (૧૨) રાવણિ (૧૩) નકલ (૧૪) નક્ષત્ર (૧૮) કળવળ (૧૯) મજા (૨૦) પડછાયો (૨૧) ઢોલક (૨૨) સલામ (૨૩) બનાના

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૭૦ | ૧૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૩૭ | ૪૯૪ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૦૧ |
| જુવાર સફેદ | ૯૨૦ | ૧૦૮૪ |
| જુવાર પીળી | ૫૦૦ | ૫૩૦ |
| બાજરી | ૨૫૦ | ૪૦૦ |
| મકાઇ | ૩૨૦ | ૩૭૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૫૪૫ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૦૯૦ | ૧૭૧૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૧૦ |
| મગ | ૮૦૦ | ૧૮૫૫ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૨૨૫ |
| ચોળી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| મઠ | ૫૬૦ | ૫૬૦ |
| વટાણા | ૮૧૦ | ૧૧૨૫ |
| કળથી | ૨૯૦ | ૩૯૯ |
| રાજમા | ૧૧૧૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૭૫૬ |
| મગફળી જાડી | ૧૧૯૫ | ૧૬૦૪ |
| મગફળી જીણી | ૧૧૪૧ | ૧૫૧૪ |
| અળશી | ૧૫૧૫ | ૧૫૧૫ |
| તલી | ૧૪૦૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૨૧૦ | ૧૩૦૫ |
| અજમો | ૨૫૨૫ | ૨૫૨૫ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૭૧ |
| સીંગફાડા | ૧૨૮૦ | ૧૫૯૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૧૯૯ |
| લસણ | ૮૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૭૫૦ | ૨૦૨૦ |
| મરચા સુકા | ૪૦૦૦ | ૭૫૦૦ |
| ધાણી | ૨૦૨૫ | ૨૩૨૦ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૫૧૦ | ૪૧૧૧ |
| રાય | ૯૫૦ | ૧૩૩૦ |
| મેથી | ૯૫૦ | ૧૪૫૦ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૧૭૫૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૭૦ |
| કલોંજી | ૩૧૫૦ | ૩૫૮૦ |
| રાયડો | ૯૦૦ | ૧૧૫૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૯૨૭ | ૧૫૧૨ |
| લીંબુ | ૧૪૨૯ | ૨૮૩૩ |
| તરબુચ | ૩૦૪ | ૫૧૨ |
| પપૈયા | ૮૩ | ૧૬૨ |
| બટેટા | ૬૮ | ૨૯૯ |
| ડુંગળી સુકી | ૫૫ | ૨૫૧ |
| ટમેટા | ૧૬૪ | ૩૦૪ |
| સુરણ | ૯૩૨ | ૧૧૫૨ |
| કોથમરી | ૨૦૯ | ૩૧૨ |
| સકરીયા | ૪૮૧ | ૭૦૨ |
| મુળા | ૩૨૪ | ૫૧૯ |
| રીંગણા | ૨૨૪ | ૪૬૮ |
| કોબીજ | ૫૮ | ૧૧૭ |
| ફલાવર | ૨૪૧ | ૪૦૩ |
| ભીંડો | ૭૩૬ | ૯૭૧ |
| ગુવાર | ૮૩૫ | ૧૪૨૨ |
| ચોળાસીંગ | ૭૩૯ | ૯૮૬ |
| વાલોળ | ૫૦૬ | ૭૩૫ |
| ટીંડોળા | ૩૪૯ | ૭૮૮ |
| દુધી | ૮૪ | ૧૨૬ |
| કારેલા | ૬૬૯ | ૮૨૭ |
| સરગવો | ૪૧૧ | ૭૭૮ |
| તુરીયા | ૫૦૩ | ૭૮૨ |
| પરવર | ૧૧૬૬ | ૧૫૮૧ |
| કાકડી | ૨૪૮ | ૫૭૩ |
| ગાજર | ૧૫૯ | ૩૦૭ |
| વટાણા | ૩૧૭ | ૫૨૪ |
| ગલકા | ૩૧૧ | ૫૬૨ |
| બીટ | ૧૧૨ | ૨૧૦ |
| મેથી | ૧૯૨ | ૨૭૧ |
| વાલ | ૭૨૫ | ૯૧૮ |
| ડુંગળી લીલી | ૨૧૩ | ૩૩૧ |
| આદુ | ૧૦૨૧ | ૧૨૨૧ |
| મરચા લીલા | ૪૨૧ | ૮૧૪ |
| લસણ લીલું | ૮૧૧ | ૧૧૩૧ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૨૧ | ૧૬૧૬ |
| ઘઉં લોકવન | ૪૪૪ | ૫૩૮ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૩૧ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૫૯૬ |
| સિંગ ફાડીયા | ૮૨૬ | ૧૮૦૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૩૪૧ |
| કલંજી | ૧૫૦૦ | ૩૩૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૪૦૧ | ૧૧૫૦૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૩૮૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૬૬ |
| અડદ | ૯૦૦ | ૧૬૦૧ |
| તુવેર | ૮૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૮૦૦ | ૧૧૧૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૩૧ |
| મેથી | ૬૬૧ | ૧૩૫૧ |
| કાંગ | ૩૫૧ | ૫૩૧ |
| મરચા | ૧૫૦૧ | ૮૪૦૧ |
| મગફળી જાડી | ૧૦૦૧ | ૧૫૩૬ |
| સફેદ ચણા | ૯૯૧ | ૧૬૮૧ |
| મગફળી ૬૬ | ૧૨૬૬ | ૧૫૬૬ |
| ધાણી | ૧૧૦૧ | ૨૫૦૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૫૬ |
| બાજરો | ૨૯૧ | ૩૦૧ |
| જુવાર | ૩૬૧ | ૧૦૬૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૫૧ |
| મગ | ૧૪૬૧ | ૧૪૬૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| વાલ | ૪૭૬ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૨૪૧ | ૯૨૬ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૭૪૧ | ૧૦૧૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટટમેટા | ૮૦ | ૪૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૮૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૮૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૬૦ | ૬૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૨૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૫ | ૭ |
| તાંજરીયા પુરા | ૪ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૧૮૦ | ૯૦૦ |
| વાલોર | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૨૮૫ | ૧૪૩૦ |
| શિંગ ગીરનાર | ૧૩૯૫ | ૧૪૬૫ |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૪૯૦ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૭૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૬૩૦ |
| તલ સફેદ | ૧૩૬૦ | ૧૭૮૫ |
| તલ કાળા | ૧૫૦૦ | ૪૦૦૦ |
| તલ કાશમીરી | ૧૭૭૦ | ૧૭૭૦ |
| બાજરો | ૫૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૬૨૫ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૫ |
| મગ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૯૨૫ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૩૨૦ | ૧૪૨૦ |
| તુવેર | ૯૦૦ | ૧૫૦૫ |
| કપાસ | ૯૩૦ | ૧૬૪૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૧૮૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૨૫ |
| ધાણી | ૧૭૪૦ | ૨૯૦૦ |
| અજમા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૭૨૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૩૦ |
| મરચા લાંબા | ૧૧૨૦ | ૭૨૧૦ |
| મરચા ધોલર | ૨૨૯૦ | ૮૮૪૦ |
| કાંગ | ૩૩૦ | ૪૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૮૦ |
| કોબીજ | ૧૧૦ | ૧૫૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૨૦ |
| ગાજર | ૨૪૦ | ૩૪૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૨૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૧૦ |
| કાકડી | ૨૨૦ | ૩૩૦ |
| ગુવાર | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૩૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૨૦ |
| બીટ | ૨૦૦ | ૨૪૦ |
| સરગવો | ૪૫૦ | ૬૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૬૦ | ૩૪૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૨૧ |
| શીંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૧૮૨૫ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૩૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૮૨૫ |
| કપાસ | ૧૩૨૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| બાજરો | ૫૦૦ | ૬૧૨ |
| જુવાર | ૭૫૦ | ૯૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૪૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૩૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૬૫૧ | ૨૪૩૧ |
| સોયાબીન | ૯૦૦ | ૯૯૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૫ | ૧૨૦૫ |
| મગફળી | ૧૧૨૦ | ૧૨૬૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૩૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૫ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૫૧ |
| ધાણા | ૧૫૫૦ | ૧૮૫૫ |
| રાયડો | ૯૯૫ | ૧૦૩૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| શિંગદાણા | ૧૩૮૫ | ૧૩૮૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૩૨ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૩૪ |
| ચણા | ૮૩૫ | ૧૦૧૨ |
| ધાણા | ૧૭૧૦ | ૧૮૮૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૪૫ |
| મેથી | ૯૦૦ | ૯૮૦ |
| મગફળી | ૯૦૦ | ૧૧૫૦ |
| અજમા | ૮૮૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૩૪૫૦ |
| જુવાર | ૫૦૦ | ૧૦૦૦ |
| રાય | ૯૫૦ | ૧૧૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૦૨૫ |
| ચણા સફેદ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ સુપર | ૧૪૦૦ | ૧૫૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૭૦ | ૧૩૯૫ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૨૯૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૩૨ |
| ધાણા | ૧૮૫૦ | ૨૪૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૪૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૪૨૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૫૧ | ૫૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૯૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૮૧ |
| શીંગ ફાડા | ૧૨૫૧ | ૧૪૦૬ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૫૫૧ |
| કલેજી | ૧૦૦૧ | ૩૩૪૬ |
| મેથી | ૬૦૧ | ૧૦૯૬ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૪૧૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૯૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૩૬ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ગીરનારી | ૧૪૨૪ | ૧૪૨૪ |
| શીંગ ૩૨ | ૯૦૨ | ૧૩૧૪ |
| શીંગ ૩૯ | ૧૨૭૦ | ૧૩૬૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૫૨૮ |
| એરંડા | ૧૧૧૦ | ૧૨૪૮ |
| જુવાર | ૩૮૬ | ૯૮૮ |
| બાજરી | ૩૨૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૩૮૦ | ૭૪૮ |
| સોયાબીન | ૧૦૬૧ | ૧૦૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મગ | ૭૪૦ | ૧૮૮૦ |
| ધાણા | ૧૪૧૦ | ૨૪૫૦ |
| ચણા | ૯૩૭ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૧૫૦ | ૪૩૦૦ |
| ડુંગળી લાલ | ૭૦ | ૨૧૮ |
| ડુંગળી સફેદ | ૨૦૭ | ૨૮૪ |
| કપાસ શંકર | ૧૦૦૦ | ૧૪૫૫ |
| નાળીયેર | ૩૮૦ | ૨૩૮૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૯૫ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૨૭ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૭ |
| રાય | ૧૦૫૦ | ૧૨૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૧૦ |
| મેથી | ૯૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૪૦ |
| જુવાર | ૮૫૦ | ૧૦૫૨ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૪ |
| મગ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૨ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૬૮ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| કાંગ | ૪૦૦ | ૫૦૨ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૬૦૮ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૭ |
| સોયાબીન | ૯૪૨ | ૯૪૨ |
| તુવેર | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| અડદ | ૧૧૨૨ | ૧૧૨૨ |
| રાઈ | ૭૯૦ | ૭૯૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બજુવાર | ૮૦૦ | ૯૦૫ |
| ઘઉં | ૩૮૦ | ૫૬૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| વાલ | ૭૦૦ | ૧૧૦૦ |
| મેંથી | ૧૦૦૦ | ૧૩૧૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૩ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૪૭૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૫૯ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૮૦ |
| રાઈ | ૧૦૫૦ | ૧૩૩૦ |
| લસણ | ૫૦૦ | ૧૧૭૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૧,૨૦૦ | ૪,૧૯૦ |
| અજમો | ૧૫૨૦ | ૩૩૫૦ |
| અજમા ની ભૂસી | ૫૦ | ૨૩૬૦ |
| ધાણા | ૧૬૩૦ | ૨૦૭૦ |
| ધાણી | ૧૭૬૦ | ૨૪૬૦ |
| મરચા | ૧૮૭૫ | ૫૧૦૦ |
| ડુંગળી | ૪૦ | ૨૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૪૭ |
| વટાણા | ૬૦૦ | ૧૦૭૫ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૦૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તલ પીળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| બાજરો | ૩૦૦ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૩૮૬ | ૫૩૬ |
| જુવાર | ૪૫૦ | ૧૧૧૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| અડદ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| તુવેર | ૧૨૭૫ | ૧૪૯૦ |
| ચણા | ૮૨૦ | ૧૨૬૫ |
| એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૩૧ |
| રાય | ૯૦૦ | ૧૨૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગાંધીનગરમાં ખેડૂતોના ધામા : હાઈ ટેન્શન વીજ લાઈનના વળતર મુદ્દે સરકાર સામે મોરચો

ગાંધીનગર, તા.૧૬



ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન આજે સૌરાષ્ટ્ર અને રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂત આગેવાનોએ ગાંધીનગરમાં એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જામનગર, દ્વારકા, જૂનાગઢ, પોરબંદર અને કચ્છના ખેડૂતો હાઈ ટેન્શન વીજ લાઈન પસાર થવા સામે મળતા વળતરમાં અસમાનતા અને વિસંગતતા મુદ્દે રજૂઆત કરવા સચિવાલય પહોંચ્યા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે જમીનની જંત્રી કિંમત અને બજાર ભાવ વચ્ચે મોટો તફાવત હોવાથી તેમને યોગ્ય વળતર મળતું નથી. અગાઉ સરકાર દ્વારા આ મામલે પરિપત્ર બહાર પાડવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ નક્કર નિર્ણય ન લેવાતા ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ખેડૂત આગેવાનોએ મુખ્યમંત્રી અને ઊર્જા મંત્રીને મળી રજૂઆત કરી હતી અને ચીમકી ઉચ્ચારી છે કે જો ૧૫ દિવસમાં યોગ્ય વળતર મુદ્દે નિરાકરણ નહીં આવે તો રાજ્યભરના હજારો ખેડૂતો ગાંધીનગર ખાતે ઉગ્ર આંદોલન કરશે. ખેડૂતોની સાથે વ્યાયામ અને ચિત્ર શિક્ષકોએ પણ પોતાની માંગણીઓ માટે વિધાનસભા ગેટ પાસે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# અમરેલી સહિત રાજ્યના ૨૬ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી, ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાયો

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ દરમિયાન કમોસમી વરસાદની ગંભીર આગાહી કરવામાં આવી છે. ૧૯ માર્ચે ગુરુવારના રોજ ૨૬ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. ગુરુવારના રોજ કચ્છ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા, જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, નર્મદા, તાપી, ડાંગ, છોટાઉદેપુર, નવસારી અને વલસાડ જિલ્લામાં ગાજવીજ



સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૮ માર્ચથી કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદી માહોલ શરૂ થશે, જે ૨૦ માર્ચ સુધી ચાલુ રહેશે. આ ફેરફારને કારણે આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે, જેનાથી ગરમીમાં આંશિક રાહત મળશે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પણ ચેતવણી આપી છે કે પવનની ગતિ વધવા સાથે કેટલાક સ્થળોએ કરા પડી શકે છે, જેની સીધી અસર ખેતી અને ખાસ કરીને આંબાના મોર પર પડશે. એપ્રિલ માસમાં પણ સમયાંતરે હવામાનમાં પલટો આવવાની અને પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શક્યતા છે.

# રાજ્યમાં નર્સોની ભરતી મુદ્દે આરોગ્ય મંત્રીની સ્પષ્ટતા: ૧૯૦૩ નિમણૂકો મેરિટ આધારે થઈ

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં નર્સોની ભરતી પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપોને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ પાયાવિહોણા ગણાવ્યા છે. ગાંધીનગરમાં સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે, છેલ્લા દોઢ વર્ષમાં ૧૯૦૩ નર્સોની ભરતી સંપૂર્ણ પારદર્શક રીતે મેરિટના આધારે કરવામાં આવી છે. આ પ્રક્રિયા કોમ્પ્યુટર આધારિત હોવાથી તેમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિની શક્યતા નથી. મંત્રીએ ખુલાસો કર્યો કે 'શિવાની' નામની વ્યક્તિએ સોશિયલ મીડિયા પર ફેક ઓર્ડર વાયરલ કરી લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે, જે બાબતે સરકારે ૧૪ માર્ચના રોજ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને નાગરિકોને અપીલ કરી કે તેઓ સોશિયલ મીડિયા પરની અફવાઓથી દૂર રહી માત્ર સત્તાવાર જાહેરાતો પર જ ભરોસો રાખે.

# કોડીનારમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ પોલીસની કડક કાર્યવાહી

કોડીનાર,તા.૧૬

કોડીનારમાં પોલીસે ખાસ ટ્રાફિક ઝુંબેશ ચલાવી નિયમભંગ કરનારાઓ સામે લાલ આંખ કરી છે. ૨૫ ફેબ્રુઆરી થી ૧૦ માર્ચ સુધી ચાલેલી આ વિશેષ ઝુંબેશમાં પોલીસે વિવિધ નિયમોના ઉલ્લંઘન બદલ કુલ ૯૯ શખ્સો સામે કેસ નોંધી રૂ.૨૫,૬૦૦ જેવો માતબર દંડ વસૂલ કર્યો છે. જે અંતર્ગત



તસવીર : કુલદીપ પાઠક

ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્ક કરવું, પૂરઝડપે વાહન ચલાવવું અને ડ્રિંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ વગર વાહન ચલાવવું તથા ફેન્સી નંબર પ્લેટ,કાચ પર બ્લેક ફિલ્મ અને ક્ષમતા કરતા વધુ પેસેન્જરો ભરવા,નેશનલ હાઈવે પર રોંગ સાઈડમાં વાહન ચલાવવું વગેરે ગુનાનો સમાવેશ થાય છે. સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર રોંગ સાઈડમાં વાહન ચલાવતા ચાલકો અકસ્માતને નોતરે છે. તાજેતરમાં વેરાવળ બાયપાસ પાસે ટ્રક (નંબર GJ-04-W-9477) ના ચાલકને રોંગ સાઈડમાં ટ્રક ચલાવતા ઝડપી પાડી, પોલીસે તેને રૂ.૫,૦૦૦નો દંડ ફટકારી દાખલો બેસાડ્યો છે.

# ગાંધીનગરમાં રૂ.૮૦ હજારની લાંચ લેતા સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોનો સિનિયર ઓફિસર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ (ACB) સફળ છટકું ગોઠવી સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન દવેને ૮૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. એક જાગૃત નાગરિકે પોતાનું પોલીસ પ્રોટેક્શન રિન્યુ કરાવવા માટે અરજી કરી હતી, જેમાં પોઝિટિવ અભિપ્રાય આપવા બદલ અધિકારીએ લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. સરગાસણ ચોકડી પાસે સૌરાષ્ટ્ર ગાંઠિયા રથ સામે ગોઠવાયેલા છટકા દરમિયાન, આરોપી અધિકારી ફરિયાદીની ગાડીમાં લાંચ સ્વીકારતા જ પકડાઈ ગયા હતા. એસીબીએ સ્થળ પરથી રોકડ રકમ કબજે કરી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.

# સુરતના પાંડેસરામાં ૪ સગીરોએ ધોરણ ૧૦ના વિદ્યાર્થી પર છરીથી જીવલેણ હુમલો કરતા ખળભળાટ

સુરત, તા.૧૬

સુરતના પાંડેસરા વિસ્તારમાં અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ જેવી જ હિંસક ઘટનાનું પુનરાવર્તન થયું છે. ગેલેક્સી આર્મી ઈન્ટરનેશનલ સ્કૂલના ગેટ બહાર ચાર સગીરોએ જૂની અદાવતનો બદલો લેવા ધોરણ ૧૦માં ભણતા એક વિદ્યાર્થી પર છરી અને અન્ય શસ્ત્રો વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની હાલત નાજુક છે અને તેનું ઓપરેશન કરવામાં આવ્યું હોવાથી તે બોર્ડની પરીક્ષા આપી શક્યો નથી,



જેના કારણે તેનું શૈક્ષણિક વર્ષ જોખમમાં મુકાયું છે. પીડિતના પિતાએ ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે હુમલાખોર સગીરોએ ઓનલાઈન સાઈટ પરથી હથિયારો મંગાવીને પૂર્વયોજિત કાવતરું રચ્યું હતું. પાંડેસરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ચારેય હુમલાખોર સગીરોની ધરપકડ કરી છે. આ ઘટનાએ ડિજિટલ પ્લેટફોર્મ પર હથિયારોની સરળ ઉપલબ્ધતા અને સગીરોમાં વધતી ગુનાખોર માનસિકતા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. હાલ પોલીસ આ હથિયારોના સ્ત્રોત અંગે વધુ તપાસ ચલાવી રહી છે.

# રાજકોટ મનપામાં ફરિયાદની અદાવતમાં યુવકની હત્યા, આરોપીઓ ન ઝડપાય ત્યાં સુધી પરિવારનો મૃતદેહ સ્વીકારવા ઈન્કાર

રાજકોટ, તા.૧૬

રાજકોટના રૈયાધાર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય તેવી એક હચમચાવનારી ઘટના સામે આવી છે. રવિવારની રાત્રે ભાવેશ વાણવી નામના યુવકનું અપહરણ કરી પાંચ શખ્સોએ તેની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. વિગતો મુજબ, ભાવેશે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રસના ચીચોડાના દબાણ અંગે ફરિયાદ કરી હતી, જેનો ખાર રાખી હમીર જાગરાણા અને તેના સાથીદારોએ આ પૂર્વયોજિત



હત્યાકાંડને અંજામ આપ્યો હતો. હુમલાખોરો ભાવેશને ગાડીમાં ઉપાડી ગયા હતા અને ગંભીર હાલતમાં શીતલ પાર્ક પાસે ફેંકી ફરાર થઈ ગયા હતા. ટૂંકી સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં ભાવેશનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી રોષે ભરાયેલા પરિવારજનો અને સમાજના અગ્રણીઓએ જ્યાં સુધી પાંચેય આરોપીઓની ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. હાલ યુનિવર્સિટી પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કોડીનાર મામલતદારે બિનઅધિકૃત લાઈમ સ્ટોન ભરેલું ટ્રેક્ટર ઝડપ્યું

કોડીનાર,તા.૧૬

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાય અને પ્રાંત અધિકારી કે.આર. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ કોડીનાર મામલતદાર એચ.કે. ભાસ્કરની ટીમે ખનીજ ચોરી રોકવા માટે કડક ઝુંબેશ હાથ ધરી છે. આ કામગીરી દરમિયાન છાછર-રોણાજ રોડ પરથી પસાર થતા એક શંકાસ્પદ ટ્રેક્ટરને રોકી તપાસ કરતા તેમાં ગેરકાયદેસર બિલ્ડિંગ લાઈમ સ્ટોન મળી આવ્યો હતો.



વાહન ચાલક પાસે રોયલ્ટી પાસ ન હોવાથી તંત્રએ ટ્રેક્ટર સહિત કુલ રૂ. ૭.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ મથકે સોંપ્યો છે. આ ઘટનાએ જિલ્લામાં એક જ પાસ પર આખો દિવસ પરિવહન કરતા લીઝ ધારકોમાં ફફડાટ ફેલાવ્યો છે. જો સમગ્ર જિલ્લામાં આવું ઝીણવટભર્યું ચેકિંગ થાય તો કરોડોની રોયલ્ટી ચોરી બહાર આવવાની શક્યતા છે.

# ઉનાના સમઢીયાળા ગામે અનુ. જાતિના લોકોને માર મારવાના કેસમાં ચુકાદો

**પાંચ આરોપીઓ દોષિત, ૩૮ નિર્દોષ જાહેર**

ઉના,તા.૧૬

વર્ષ ૨૦૧૬માં ઉનાના મોટા સમઢીયાળા ગામે પશુનું ચામડું ઉતારતી વખતે અનુસૂચિત જાતિના યુવાનો પર થયેલા અમાનવીય અત્યાચારે સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. કથિત ગૌરક્ષકો દ્વારા આચરવામાં આવેલી આ હિંસાના લાંબા ગાળા બાદ, ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ અદાલતે પોતાનો આખરી નિર્ણય સંભળાવ્યો છે. ન્યાયાધીશે પુરાવા અને સાક્ષીઓની તપાસ કર્યા બાદ ૫ મુખ્ય આરોપીઓને કસૂરવાર ઠેરવી સજા ફટકારી છે, જ્યારે યોગ્ય પુરાવાના અભાવે અન્ય ૩૮ વ્યક્તિઓને નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. આ કેસ ભારતીય સામાજિક ન્યાય અને કાયદાકીય લડત માટે એક મહત્વનો સીમાચિહ્ન સાબિત થયો છે.

# કોડીનારમાંથી બાઈક ચોરનારની પોલીસે રાજકોટમાંથી ધરપકડ કરી

કોડીનાર,તા.૧૬

કોડીનારમાં પોસ્ટ ઓફિસ પાસેથી મોટરસાયકલની ચોરી કરનાર શખ્સને પોલીસે રાજકોટના મેટોડા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. ૨૦૨૬માં કોડીનારના અરણેજ ગામના રહેવાસી મનુભાઈ દાનાભાઈ જાદવ પોતાની હીરો કંપનીની ડીલક્સ મોટરસાયકલ લઈ કોડીનાર આવ્યા હતા. તેમણે આ બાઈક પોસ્ટ ઓફિસ પાસે આવેલ મદ્રેસા નીચે, અલંકાર ચશ્માવાળા કોમ્પ્લેક્સના પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. આ દરમિયાન મોઢે રૂમાલ બાંધેલો એક અજાણ્યો શખ્સ



બાઈકની ચોરી કરી નાસી છૂટ્યો હતો. જે અંગેની ફરિયાદ કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. પી.આઈ. એમ.કે. વણારકાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે તપાસ કરી હતી. કોન્સ્ટેબલ અભિજીતસિંહ, ભીખુશા બચુશા, અને વિક્રમભાઈ સહિતના સ્ટાફે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે આરોપી ચોરીનું બાઈક લઈને રાજકોટ તરફ નાસી ગયો છે. જેના આધારે કોડીનાર પોલીસની એક ટીમ રાજકોટ ગઈ હતી. પોલીસે રાજકોટના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી 'આસ્થા વિલેજ કોલોની' ખાતે દરોડો પાડી આરોપીને ચોરીના મોટરસાયકલ સાથે દબોચી લીધો હતો. આરોપીએ પોતાનું નામ મનુભાઈ કરસનભાઈ વાઢેર (ઉં.વ. ૫૮) હોવાનું જણાવ્યું હતું.


-:: જાહેર નોટીસ ::-

-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.82/2026
જન્મ તારીખ : 14/12/1962

શ્રી રામાભાઈ નથુભાઈ ચાવડા,
રહે.કોટડા, ગામ-કોટડા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કોટડા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી રામાભાઈ નથુભાઈ ચાવડા, રહે.કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી નથુભાઈ સીદીભાઈ ચાવડા તથા રાણીબેન નથુભાઈ ચાવડા ના પુત્રી લાડુબેનુ નથુભાઈ ચાવડાનો જન્મ તારીખ.14/12/1962ના રોજ કોડીનાર તાલુકાના કોટડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-:: જાહેર નોટીસ ::-

-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.16/2026
મરણ તારીખ : 17/08/1988

શ્રી લખમણભાઈ બાઉભાઈ મકવાણા,
રહે.સરખડી, ગામ-સરખડી, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એન.એમ.જાદવ, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સરખડી, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી લખમણભાઈ બાઉભાઈ મકવાણા, રહે.સરખડી, ગામ-સરખડી તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ. રાણીબેન બાઉભાઈ મકવાણાનું મરણ તારીખ.17/08/1988ના રોજ કોડીનાર તાલુકાના સરખડી ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



-// જાહેર નોટીસ //-
(જન્મનાં દાખલા માટે)

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ: લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૯/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી જીલુબેન હસનભાઈ સૈયદ**
**રહે.શાખપુર તા. લાઠી, જી. અમરેલી**
**મો.૯૪૨૯૪ ૭૮૧૬૭**
**અરજદાર તર્ફે વિ.વકીલ શ્રી નવનીતભાઈ એન. મકવાણા**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી - વ - તલાટી કમ મંત્રીશ્રી
શાખપુર ગ્રા.પં. કચેરી

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.શાખપુર ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી કુલસમબહેન હસનભાઈ સૈયદ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૨ ના રોજ શાખપુર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૯/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

મુ :- લાઠી
તારીખ :-

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી


# બીસીએ ચૂંટણી : ગુજરાત હાઈકોર્ટનો મોટો આદેશ, કિરણ મોરે સહિત ૪ ઉમેદવારો અયોગ્ય જાહેર

અમદાવાદ, તા.૧૬

બરોડા ક્રિકેટ એસોસિએશનની આગામી ચૂંટણીને લઈને ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે પૂર્વ ભારતીય ક્રિકેટર કિરણ મોરે સહિત ચાર ઉમેદવારોને ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવ્યા છે અને રિર્ટનિંગ ઓફિસર દ્વારા તેમના નોમિનેશન ફોર્મ સ્વીકારવાના નિર્ણયને પણ રદ કર્યો છે. કિરણ મોરે ઉપરાંત અમુલ જીકાર, અનંત ઈન્દુલકર અને અમર પેટીવાલા હવે હોદ્દેદારો માટેની આ જંગમાં ભાગ લઈ શકશે નહીં. વડોદરાના અરજદારો પ્રદિપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિની અરજી પર સુનાવણી કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે ઉમેદવારોની પાત્રતામાં નિયમોનું ઉલ્લંઘન થયું છે. હાઈકોર્ટે હવે ચૂંટણી પરિણામો જાહેર કરવાની સૂચના આપી છે, જોકે અયોગ્ય જાહેર થયેલા ઉમેદવારો આ ચુકાદાને હાઈકોર્ટની ડબલ બેન્ચમાં પડકારવાની તૈયારી કરી રહ્યા છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાંથી ભારતીય જહાજોના પસાર થવા અંગે વિદેશમંત્રી એસ. જયશંકરનો ખુલાસો

નવી દિલ્હી, તા.૧૬





મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુધ્ધ અને ઈરાનના કડક વલણ વચ્ચે ભારતને મોટી રાજદ્વારી સફળતા મળી છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા બે ભારતીય જહાજો 'શિવાલિક' અને 'નંદા દેવી' ને પસાર થવાની મંજૂરી આપી છે, જે આશરે ૯૨,૭૧૨ ટન એલપીજી લઈને ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદરે પહોંચશે. વિદેશ મંત્રી એસ. જયશંકરે આ અંગે ખુલાસો કરતા જણાવ્યું કે, આ કોઈ 'ધાબળા વ્યવસ્થા' (બ્લેન્કેટ એરેન્જમેન્ટ) નથી, પરંતુ ઈરાન સાથેની સતત ચર્ચા અને દ્વિપક્ષીય સંબંધોનું પરિણામ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે દરેક જહાજની અવરજવર માટે વ્યક્તિગત સ્તરે વાટાઘાટો કરવામાં આવી છે અને બદલામાં કોઈ સોદો કરવામાં આવ્યો નથી. જયશંકરે ઉમેર્યું કે ભારત ઈરાન સાથે તર્કબદ્ધ સંવાદ કરીને ઉકેલ લાવવામાં માને છે. હોર્મુઝ સ્ટ્રેટમાં હજુ પણ ૨૨ જેટલા જહાજો ફસાયેલા છે, જેમના સુરક્ષિત માર્ગ માટે ભારતની વાતચીત ચાલુ છે. આ સિદ્ધિ વૈશ્વિક સ્તરે ભારતની મજબૂત વિદેશ નીતિ અને પ્રભાવશાળી રણનીતિનું પ્રતીક માનવામાં આવે છે.

# બિહાર રાજ્યસભા ચૂંટણી : એનડીએનો ભવ્ય વિજય, પાંચેય બેઠકો કબજે કરી

પટણા, તા.૧૬



બિહારમાં ખાલી પડેલી પાંચ રાજ્યસભા બેઠકોની ચૂંટણીમાં એનડીએના તમામ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. વિધાનસભાની હાર બાદ મહાગઠબંધનને ફરી એકવાર પરાજયનો સ્વાદ ચાખવો પડ્યો છે. એનડીએ તરફથી મેદાનમાં ઉતરેલા જેડીયુના વડા નીતિશ કુમાર, ભાજપના નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી રામ નાથ ઠાકુર, ઉપેન્દ્ર કુશવાહા અને શિવેશ કુમારે વિજય મેળવ્યો છે. ચૂંટણીમાં એનડીએ પાસે ૨૦૨ ધારાસભ્યોનું સંખ્યાબળ હતું, જ્યારે મહાગઠબંધન ૪૧ મતોનો આંકડો મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું. કોંગ્રેસના ત્રણ અને રાજદના એક ધારાસભ્ય મતદાનથી અળગા રહ્યા હતા, જેનો સીધો લાભ એનડીએને મળ્યો છે. જેડીયુના ધારાસભ્ય નિરંજન મહેતા અકસ્માતમાં ઈજાગ્રસ્ત હોવા છતાં વ્હીલચેરમાં મતદાન કરવા પહોંચ્યા હતા. આ વિજય સાથે એનડીએ છાવણીમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જ્યારે વિપક્ષી છાવણીમાં આંતરિક વિખવાદ અને ક્રોસ વોટિંગની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## દિલ્હી દારૂ નીતિ કેસ : કેજરીવાલ અને સિસોદિયાને જવાબ દાખલ કરવા હાઈકોર્ટે ૫ એપ્રિલ સુધીનો સમય આપ્યો

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હી હાઈકોર્ટે કથિત દારૂ નીતિ કૌભાંડમાં સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અદાલતે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય આરોપીઓને તેમના પક્ષ રજૂ કરવા માટે ૫ એપ્રિલ ૨૦૨૬ સુધીનો સમય આપ્યો છે, જ્યારે આગામી સુનાવણી ૬ એપ્રિલે નિર્ધારિત કરવામાં આવી છે. સીબીઆઈ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી હતી કે નીચલી કોર્ટ દ્વારા આરોપીઓને મુક્ત કરવાનો આદેશ અન્યાયી હતો અને તમામ રેકોર્ડ સાથે ટ્રાયલ થવી જોઈએ. બીજી તરફ, કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી નિષ્પક્ષ ટ્રાયલ અંગે આશંકા વ્યક્ત કરી છે. હાઈકોર્ટે અગાઉના વચગાળાના આદેશને આગામી સુનાવણી સુધી યથાવત રાખ્યો છે. આ કેસમાં હવે એ જોવાનું રહેશે કે એપ્રિલમાં થનારી સુનાવણીમાં અદાલત શું વલણ અપનાવે છે.

# બંગાળ ચૂંટણી : ભાજપની ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર, ભવાનીપુરમાં મમતા બેનર્જી સામે શુવેન્દુ અધિકારીનો જંગ

કોલકાતા, તા. ૧૬





પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે ભારતીય જનતા પાર્ટીએ ૧૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરીને રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ યાદીમાં સૌથી મોટું નામ શુવેન્દુ અધિકારીનું છે, જેઓ બે બેઠકો પરથી ચૂંટણી લડશે. તેઓ નંદીગ્રામ ઉપરાંત ભવાનીપુર બેઠક પરથી મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે સીધા જંગમાં ઉતરશે. ભાજપે પોતાની યાદીમાં જ્ઞાતિગત સમીકરણો અને સ્થાનિક પ્રભુત્વને પ્રાધાન્ય આપ્યું છે, જેમાં સીલીગુડીથી ડો. શંકર ઘોષ, રાયગંજથી કૌશિક ચૌધરી અને બાલુરઘાટથી બિદ્યુત રોયને મેદાનમાં ઉતાર્યા છે. માલદા અને મુર્શિદાબાદ જિલ્લાની મહત્વની બેઠકો પર પણ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આ યાદીમાં એસસી અને એસટી અનામત બેઠકો પર પણ મજબૂત ચહેરાઓની પસંદગી કરવામાં આવી છે. ભાજપના આક્રમક વલણથી બંગાળની આ ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ વધુ રસપ્રદ બનવાની શક્યતા છે.

## દિલ્હીમાં એલપીજીની અછતથી મજૂરોની હાલત કફોડી : મોંઘા ભોજનને કારણે હિજરતની તૈયારી

નવી દિલ્હી, તા.૧૬

રાજધાની દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના પુરવઠામાં સર્જાયેલા વિક્ષેપને કારણે સ્થળાંતરિત કામદારોના જીવનમાં મોટું સંકટ ઊભું થયું છે. હજારો મજૂરોને સસ્તું ભોજન પૂરું પાડતા નાના ઢાબા અને હોટલો ગેસની અછતને કારણે બંધ થઈ રહ્યા છે અથવા ભોજનના ભાવમાં બમણો વધારો કરી રહ્યા છે. જે ભોજન પહેલા રૂ.૫૦માં મળતું હતું, તેના ભાવ હવે રૂ.૧૦૦ સુધી પહોંચી ગયા છે. પહાડગંજ, બવાના અને નરેલા જેવા વિસ્તારોમાં મજૂરો માટે જીવનનિર્વાહ મુશ્કેલ બન્યો છે. કાળાબજારમાં ૧ કિલો ગેસ રૂ.૪૦૦ થી રૂ.૫૦૦માં વેચાતો હોવાથી નાના વિક્રેતાઓને દુકાનો બંધ કરવાની ફરજ પડી છે. ભૂખમરો અને વધતી મોંઘવારીથી કંટાળીને બિહાર અને ઉત્તર પ્રદેશના અનેક મજૂરોએ ફરી પોતાના વતન પરત ફરવાની તૈયારી શરૂ કરી દીધી છે.

# કાશ્મીરમાં વસંતનું આગમન : શ્રીનગરમાં એશિયાનો સૌથી મોટો ટ્યૂલિપ ગાર્ડન પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકાયો

શ્રીનગર, તા.૧૬



બજમ્મુ-કાશ્મીરની સુંદર ખીણોમાં પ્રવાસન મોસમને વેગ આપવા માટે શ્રીનગર સ્થિત એશિયાનો સૌથી મોટો ટ્યૂલિપ ગાર્ડન આજથી પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટ્યૂલિપ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરી દેશ-વિદેશના પ્રવાસીઓને કાશ્મીરની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. દાલ સરોવર અને જબરવાન ટેકરીઓ વચ્ચે વસેલા આ બગીચામાં આ વર્ષે ૭૦ વિવિધ જાતોના ૧.૮ મિલિયન (૧૮ લાખ) રંગબેરંગી ફૂલો ખીલી ઉઠ્યા છે. સામાન્ય રીતે એપ્રિલમાં શરૂ થતી પ્રવાસન મોસમને માર્ચ મહિનાથી જ સક્રિય કરવાના હેતુથી આ ગાર્ડન તૈયાર કરવામાં આવ્યો છે. લાલ, પીળા અને ગુલાબી ફૂલોની ચાદર વચ્ચે પ્રવાસીઓ મંત્રમુગ્ધ થઈ રહ્યા છે. ગાર્ડન ખુલતાની સાથે જ મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટી પડ્યા છે, જે સ્થાનિક અર્થતંત્ર અને પ્રવાસન ક્ષેત્ર માટે આશાસ્પદ સંકેત છે. કુદરતી સૌંદર્ય અને આધુનિક વ્યવસ્થાઓ સાથે આ ગાર્ડન ફરી એકવાર પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# રાજસ્થાનમાં ગુર્જર આંદોલનના ભણકારા : પડતર માંગણીઓ મુદ્દે ૨૩ મેના રોજ રણનીતિ જાહેર કરાશે

જયપુર, તા.૧૬



રાજસ્થાનમાં ગુર્જર અનામત આંદોલન ફરી એકવાર ઉગ્ર બને તેવા સંકેતો મળી રહ્યા છે. હિંદૌન શહેરમાં વિજય બૈંસલાના નેતૃત્વમાં યોજાયેલી 'ગુર્જર અનામત સંઘર્ષ સમિતિ'ની બેઠકમાં સરકાર વિરુધ્ધ ભારે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમિતિનો આરોપ છે કે જૂન ૨૦૨૩માં સરકાર સાથે થયેલા કરારના ૧૦ મહિના બાદ પણ મુખ્ય માંગણીઓ સંતોષાઈ નથી. ખાસ કરીને આંદોલનકારીઓ પરના કેસો પાછા ખેંચવા, આરજેએસ બેકલોગ ભરવા અને ટીએસપી વિસ્તારોમાં અનામત લાગુ કરવા જેવા મુદ્દાઓ હજુ પણ અધ્ધરતાલ છે. સમિતિએ ચેતવણી આપી છે કે જો ૨૩ મે (શહીદ દિવસ) સુધીમાં સરકાર કોઈ નક્કર નિર્ણય નહીં લે, તો આંદોલન માટે નવી રણનીતિ જાહેર કરવામાં આવશે. આ સાથે જ સવાઈ માધોપુરમાં શહીદોની પ્રતિમાઓના અનાવરણનો પણ નિર્ણય લેવાયો છે. વહીવટીતંત્રની ઉપેક્ષાથી નારાજ ગુર્જર સમુદાય હવે સરકાર સામે આરપારની લડાઈના મૂડમાં જણાય છે.

# મહેસાણામાં એકતરફી પ્રેમમાં અંધ યુવકે ૪૭ વર્ષીય મહિલાની છરીના ઘા ઝીકી હત્યા કરી

મહેસાણા, તા.૧૬

મહેસાણાના કડી તાલુકાના રાજપુર ગામે એક તરફી પ્રેમમાં પાગલ યુવકે ૪૭ વર્ષીય પરિણીતાની નિર્મમ હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. વડુ ગામના અમરતબેન ડાભી રાજપુર હાઈવે પરની કંપનીમાં નોકરી પૂરી કરી બહાર નીકળ્યા ત્યારે આરોપી સેંધાજી ડાભીએ તેમની સાથે ઝપાઝપી કરી પેટના ભાગે છરીના ગંભીર ઘા ઝીંક્યા હતા.

ગંભીર રીતે ઘાયલ મહિલાનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઠ દિવસની સારવાર બાદ મોત નીપજ્યું હતું. પોલીસ તપાસ મુજબ, આરોપી પરાણે સંબંધ રાખવા દબાણ કરતો હતો, પરંતુ મહિલાએ મચક ન આપતા તેણે આ ખોફનાક પગલું ભર્યું હતું. નંદાસણ પોલીસે આઈજી અને એસપીની સૂચનાથી ટેકનિકલ સર્વેલન્સની મદદ લઈ ગણતરીના કલાકોમાં જ આરોપી સેંધાજીને ઝડપી પાડી તેની વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

## ભારત-અમેરિકા વચ્ચે ટેરિફ મુદ્દે સ્પષ્ટતાના અભાવે આ મહિને હસ્તાક્ષર નહીં થાય

નવી દિલ્હી, તા.૧૬

ભારત અને અમેરિકા વચ્ચે માર્ચ મહિનામાં થનારો વેપાર કરાર હાલ પૂરતો મુલતવી રાખવામાં આવ્યો છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, અમેરિકા હાલ વૈશ્વિક ટેરિફ સિસ્ટમ વિકસાવવા પર કામ કરી રહ્યું છે, જેના કારણે ભારત ટેરિફ મુદ્દે વધુ સ્પષ્ટતાની રાહ જોઈ રહ્યું છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે કરારમાં કોઈ વિવાદ નથી અને વાટાઘાટો હજુ ચાલુ છે. બીજી તરફ, ઈરાન-ઈઝરાયેલ યુધ્ધ અને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલા અવરોધોને કારણે ઉદભવેલા ઈંધણ સંકટનો સામનો કરવા ભારતે રશિયા પાસેથી તેલની ખરીદીમાં વધારો કર્યો છે. ઈરાન દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે વિશ્વના ૨૦ ટકા તેલ પરિવહન પર અસર પડી છે, જેની વચ્ચે ભારત પોતાની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા વ્યૂહાત્મક પગલાં લઈ રહ્યું છે.

# ઝારખંડના રાંચીમાં પ્રિન્સ ખાન ગેંગના ત્રણ સાગરીતો પોલીસ એનકાઉન્ટરમાં ઠાર

કરાંચી, તા.૧૬



ઝારખંડની રાંચી અને ધનબાદ પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી કુખ્યાત ગુનેગાર પ્રિન્સ ખાન ગેંગના ત્રણ સભ્યોને એન્કાઉન્ટરમાં ઠાર કર્યા છે. બૈરાગઢ વિસ્તારમાં ગુનેગારો છુપાયા હોવાની બાતમી મળતા પોલીસે ઘેરો ઘાલ્યો હતો, જે દરમિયાન સામસામે થયેલા ગોળીબારમાં ત્રણ ગુનેગારો માર્યા ગયા અને અન્ય કેટલાક ઘાયલ થયા છે. ઘાયલોમાં વિક્કી ડોમ અને અમન સિંહનો સમાવેશ થાય છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. પ્રિન્સ ખાને અગાઉ વેપારી પાસેથી રૂ.૧ કરોડની ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના બાદ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને પોલીસ મુખ્ય સૂત્રધાર પ્રિન્સ ખાનની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ભાવનગરના વેળાવદરમાં જુગારધામ પર દરોડો પાડવા ગયેલી પોલીસ ટીમ પર જીવલેણ હુમલો

ભાવનગર, તા.૧૬



ભાવનગર જિલ્લાના વેળાવદર ભાલ પોલીસ સ્ટેશન હેઠળના જસવંતપુરા ગામે કાયદો અને વ્યવસ્થાને પડકારતી ગંભીર ઘટના સામે આવી છે. બાતમીના આધારે જુગારધામ પર દરોડો પાડવા ગયેલી પોલીસ ટીમ પર ૧૫ થી ૨૦ જેટલા અસામાજિક તત્વોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો છે. મળતી માહિતી મુજબ, બે પોલીસ કોન્સ્ટેબલ અને એક ડ્રાઈવર જ્યારે રેડ કરવા પહોંચ્યા, ત્યારે ઉશ્કેરાયેલા ટોળાએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા હતા અને લાકડીઓ તથા ઢીકાપાટુ વડે બેફામ માર માર્યો હતો. આ હુમલામાં કોન્સ્ટેબલ લકીરાજસિંહ, અભેસંગભાઈ અને ડ્રાઈવર ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ ડીવાયએસપી અને એલસીબી સહિતનો કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા માટે જસવંતપુરા અને આસપાસના વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ હિંસક ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

# સુરતના ઉમરપાડામાં લગ્નપ્રસંગથી પરત ફરતી સગીરા પર સામૂહિક દુષ્કર્મ, ચાર નરાધમો ઝડપાયા

સુરત, તા.૧૬



સુરત ગ્રામ્યના ઉમરપાડા તાલુકામાં માનવતાને શરમાવે તેવી ગેંગરેપની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. લગ્નપ્રસંગ પતાવીને મોડી રાત્રે ઘરે પરત ફરી રહેલી સગીરાનો પીછો કરી, ચાર શખ્સોએ તેને અવાવરુ જગ્યાએ આંતરી હતી. નરાધમોએ સગીરાને પકડી રાખી વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ ફરાર થઈ ગયા હતા. પીડિતાએ હિંમત દાખવી પરિવારને જાણ કરતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેકનિકલ પુરાવાઓના આધારે મિતેષ વસાવા, આકાશ ચૌધરી, રાહુલ વસાવા અને એક સગીર સહિત કુલ ચાર આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે.

તમામ આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં ભારે આક્રોશ ફેલાયો છે અને નરાધમોને કઠોર સજા કરવાની માંગ ઉઠી રહી છે.

# રાજ્યમાં અનાજ વિતરણનો નવો યુગ શરૂ થશે: ૨૪ કલાક દેશનું પ્રથમ 'અન્નપૂર્તિ' એટીએમ

અમદાવાદ, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે રૂ.૨,૮૫૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકાર ટેક્નોલોજીના માધ્યમથી પારદર્શિતા લાવવા માટે કલોલથી દેશના પ્રથમ 'અન્નપૂર્તિ' (ગ્રેઈન એટીએમ) પ્રોજેક્ટનો પ્રારંભ કરશે, જેમાં લાભાર્થી માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજ મેળવી શકશે. આ સાથે બાયોમેટ્રિક સમસ્યાના ઉકેલ માટે સીબીડીસી આધારિત ડિજિટલ ફૂડ કૂપનનો પાયલોટ પ્રોજેક્ટ પણ અમલી બનશે. શ્રીઅન્ન (મિલેટ્સ) ને પ્રોત્સાહન આપવા ખેડૂતોને ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ રૂ.૩૦૦ બોનસ આપવામાં આવશે. એનએફએસએ પરિવારોની અન્ન સુરક્ષા માટે રૂ.૭૦૦ કરોડ અને કુપોષણ નિવારવા કઠોળના વિતરણ માટે રૂ.૮૪૧ કરોડ ફાળવાયા છે, જેમાં હવે તુવેર દાળ, ચણા અને ખાંડ સુરક્ષિત ૧ કિલોના પેકિંગમાં જ મળશે. આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે વિશ્વમાં પ્રથમવાર કંપનીઓના રેટિંગ માટે 'કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ' તૈયાર કરી રાજ્યમાં ૫૧ નવા અત્યાધુનિક ગોડાઉનોનું નિર્માણ કરવામાં આવશે.




# શ્રમિકો માટે રાજ્યમાં રૂ. પાંચ માં પૌષ્ટિક ભોજન આપતા વધુ ૩૦૦ નવા કેન્દ્રો ખુલશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર ખાતે પોતાના ૭૧મા જન્મદિવસની સાદગીપૂર્ણ ઉજવણી કરતા શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળીયાએ શ્રમિકો માટે મહત્વની જાહેરાત કરી છે. સેક્ટર-૬ કડિયા નાકા ખાતે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' કેન્દ્રની મુલાકાત દરમિયાન મંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં હાલ કાર્યરત ૨૯૩ કેન્દ્રો ઉપરાંત ટૂંક સમયમાં નવા ૧૨૧ સેન્ટરો શરૂ થશે અને આ વર્ષના બજેટમાં વધુ ૩૦૦ નવા કેન્દ્રો ખોલવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ શ્રમિકોને માત્ર ૫ રુપિયાના રાહત દરે ગરમાગરમ સાત્વિક અને પોષણયુક્ત ભોજન પૂરું પાડવામાં આવે છે. મંત્રીએ જાતે શ્રમિકોને ભોજન પીરસી તેમની સાથે સંવાદ કર્યો હતો અને ભોજનની ગુણવત્તાનું નિરીક્ષણ કર્યું હતું. ભોજનની સાથે આ કેન્દ્રો પર શ્રમિકો માટે પ્રાથમિક આરોગ્ય તપાસની સુવિધા પણ ઉપલબ્ધ છે, જેથી બાંધકામ ક્ષેત્રે પરસેવો પાડતા શ્રમિકોના સ્વાસ્થ્યની કાળજી રાખી શકાય. સરકારના આ નિર્ણયથી રાજ્યના છેવાડાના શ્રમિકોને ઘર જેવું શુધ્ધ ભોજન અને પાયાની આરોગ્ય સુવિધાઓ સરળતાથી મળી રહેશે, જે તેમના જીવનધોરણમાં સુધારો લાવશે.






# હિંમતનગરના કઠવાડિયા ગામમાં ખેતરના રસ્તાના વિવાદમાં લોહિયાળ ખેલ, એકની નિર્મમ હત્યા

સાબરકાંઠા, તા.૧૬

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના કઠવાડિયા ગામમાં ખેતરના રસ્તા બાબતે ચાલી રહેલા કૌટુંબિક વિવાદે ખૂની વળાંક લીધો છે. રસ્તાના મુદ્દે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ પરિવારના જ સભ્યોએ ઘાતક હથિયારો વડે હુમલો કરતા ધર્મેન્દ્રસિંહ ઝાલા નામના વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા તેને હોસ્પિટલ ખસેડાયો છે. ઘટનાને અંજામ આપી આરોપીઓ ફરાર થઈ ગયા છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપવા ખાસ ટીમો બનાવી છે. ગામમાં તણાવપૂર્ણ સ્થિતિને જોતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.




# સુરેન્દ્રનગરના જરવલા ગામે ૬૦ વર્ષના વૃધ્ધે દુષ્કર્મ આચરતા ૧૪ વર્ષની સગીરા માતા બની

સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના જરવલા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગામમાં રહેતા ૬૦ વર્ષીય સદુળ ભરવાડે તેના ઘરે કામ કરવા આવતી ૧૪ વર્ષની સગીરાને લલચાવી-ફોસલાવી વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. સગીરાને અચાનક પેટમાં દુખાવો ઉપડતા હોસ્પિટલ ખસેડાતા તેણે પુત્રને જન્મ આપ્યો હતો, જેનાથી આ સમગ્ર પાપલીલાનો પર્દાફાશ થયો હતો. સગીરાના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પાટડી પી.આઈ. બી.સી. છત્રાલિયાએ તાત્કાલિક કાર્યવાહી કરી નરાધમ આરોપીની ધરપકડ કરી છે. પોલીસે ગુનાનું રિકન્સ્ટ્રક્શન કરાવી કાયદેસરની કલમો હેઠળ તપાસ હાથ ધરી છે. ભોગ બનનાર સગીરા અને તેના નવજાત બાળકને ન્યાય તેમજ ભરણપોષણ મળે તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.






